વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક ₹ 50

# સ્વરસેતુ

## ન્યૂઝ ડાયજેસ્ટ

જાન્યુઆરી ૨૦૨૦









શ્યામલ-સૌમિલ દ્વારા સફેદ રણમાં ભવ્ય કાર્યક્રમ
'Desert Drums'

# Incredible !ndia

I visited Gujarat during Uttarayan. I saw adults draped in childhood, decorating the canvas of the sky with colourful kites that soared, drifted and dipped at the flick of one's wrist. In all the pulling and cutting of the kite strings I didn't realize when the excitement and affection started tugging at my heartstrings. Nowhere else had I witnessed such amazing bonding among competitors but here. Next time too, the kites will fly high, painting the sky. Will you be there?

UTTARAYAN KITE FESTIVAL

Gujarat Tourism
Breathe in a bit of Gujarat





Yellow Sapphire
CERTIFIED GEMSTONES
with Buy Back Guarantee
Ruby
Emerald
Pearl
Coral
Diamond
Blue Sapphire
Hessonite
Cat's eye
RATNAश्री®
Gems & Jewels
42, Super Mall, Nr. Lal Bungalow, C.G. Road, Ahmedabad
Ph.: (+91-79) 2643 0930, 2642 4747, +91-98254 30930, 99250 23333
Email: ratnashree09@yahoo.com, www.ratnashree.com

વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક

# સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ

## સંપાદકનું સારેગમ

### પુખ્ત થઈ ગયેલી ૨૧મી સદીના આ નૂતન દસકાની શરૂઆત સૌને મુબારક

તાજેતરમાં યોજાયેલાં ૮મા ગુજરાત લિટરેચર ફેસ્ટિવલ દરમિયાન તારીખ ૨૧ ડિસેમ્બરના રોજ એક પરિસંવાદમાં ભાગ લેવાનું થયું. પરિસંવાદનો વિષય હતો 'સુગમ સંગીત: સ્વરૂપ બદલાયું કે યુગ આથમે છે?' જાણીતા કવિ તુષાર શુક્લ અને શ્યામલ સાથે આ મનગમતાં વિષય પર હાજર રહેલા ભાવકો સાથે વાતો વહેતી કરવાનો આનંદ આવ્યો. અમારા સૌ કોઈનું માનવું હતું કે, 'કશુંય આથમતું નથી માત્ર સ્વરૂપ બદલાય છે. બદલાયેલું આ સ્વરૂપ સાચું કે ખોટું? સારું કે નરસું? એ કાળ નક્કી કરે છે. પર્વતમાંથી નીકળેલી નદી દરિયામાં ભળી જાય ત્યાં સુધી એનો પટ, તટ, વહેણ બદલતી રહે છે.

૨૦૧૯ના વર્ષના અંતિમ દિવસોમાં કરેલી આ વાતો ક્રિકેટની રમત સાથે જો સરખાવીએ તો તે સહેલાઈથી સમજી શકાશે. આ વિચારને ગીત સ્વરૂપે, સંગીત સ્વરૂપે અને એક વિડીયો દ્વારા અમે વહેતો કર્યો. ૨૦૨૦ના આ વર્ષને વધાવતું એક શુભેચ્છા ગીત અમે તૈયાર કર્યું. રમત એની એ જ રહે છે પણ એનો અપ્રોચ બદલી શકાય અને એમ સૌને રમતમાં રસ લેતા કરી શકાય. મેદાન મોટું છે, પીચ સારી છે અને જનમેદનીનો ઉત્સાહ પણ છે. ત્યારે શ્યામલ મુનશીએ રચેલું આ ગીત આપને માટે—

*રંગમંચના મેદાને સંગીતનું ક્રિકેટ હજી પણ રમીએ છીએ.*
*નવા સમયની નવી રમતમાં નવાં લઈને બેટ હજી પણ રમીએ છીએ.*
*ટેસ્ટ મેચમાં ધીમું રમતાં મોટા જુમલા ફટકાર્યા,*
*વન-ડેમાં પણ ખુલી ખુલીને ચોગ્ગા ને છક્કા માર્યા;*
*ટ્વેન્ટીટ્વેન્ટીમાં ય હવે ઊંચો રાખી રન રેટ હજી પણ રમીએ છીએ.*
*શ્વેત રંગની પરંપરાને પહેરી છે ચાલીસ વરસ,*
*નવા પ્રયોગોથી જનસાધારણનો સતત વધાર્યો રસ;*
*જુદાં રંગના પહેરી જર્સી, શૂઝ કેપ કે હેટ હજી પણ રમીએ છીએ.*

(https://youtu.be/tFX2Vimz7eE)

પુખ્ત થઈ ગયેલી ૨૧મી સદીના આ નૂતન દસકાની શરૂઆત સૌને મુબારક.

**—સૌમિલ મુનશી**


વર્ષ: ૯/અંક: ૧૦૯/જાન્યુઆરી ૨૦૨૦
**તંત્રી અને સંપાદક :**
સૌમિલ મુનશી
**પ્રકાશક :**
સૌમિલ મુનશી, શ્યામલ મુનશી
પરામર્શક: તુષાર શુક્લ
**ડિઝાઈન :**
www.e-shabda.com
**તસવીર પરામર્શક :**
વિવેક દેસાઈ, હર્ષ ઓઝા, કરણ વાધવાણી

**ઑફિસ એક્ઝિક્યુટિવ :**
જિગીષા જાની
**સહાય :** ગોપાલ પઢિયાર

**કાર્યાલય :** સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન,
અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી),
એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬
ફોન: (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫
કુલ પેજ: ૪૪

**ઈ-મેલ :**
તંત્રી: saumil@shymalsaumil.com
પ્રકાશક: swarsetu123@gmail.com
છૂટક મૂલ્ય
₹ ૫૦/-
વાર્ષિક લવાજમ (વર્ષમાં ૧૨ અંક)
દેશમાં રૂ. ૪૦૦/- (ટપાલ ખર્ચ સાથે)
વિદેશમાં : અમેરિકન ડૉલર ૫૦/-
બ્રિટિશ પાઉન્ડ ૩૦/-
(દરેક દેશ માટે પ્રતીક ટપાલ ખર્ચ સાથે)



(આ સામયિકમાં સમાવિષ્ટ પ્રત્યેક લેખો માટે જે-તે લેખકના અંગત અભિપ્રાય છે. તે માટે સંપાદક/પ્રકાશક સંમત છે જ એ જરૂરી નથી. તે માટેની નૈતિક જવાબદારી પ્રકાશક/સંપાદકની રહેતી નથી.)



દર મહિનાની ૧૪મી તારીખે પ્રકાશિત થતું **'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ'** પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે. રવાના થઈ ગયા પછી કોઈ ગ્રાહકને અંક ન મળે તો તેની જવાબદારી અમારી રહેતી નથી. પરંતુ પંદર દિવસમાં પત્ર લખવાથી અથવા ઈ-મેઈલ દ્વારા જાણ કરવાથી ઉપલબ્ધ હશે તો અંક જરૂર મોકલવામાં આવશે.
નોંધ: લવાજમની રકમ રોકડથી, ચેક, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી. મનીઓર્ડર કે ડ્રાફ્ટ **વન્ડરવેવ્સ એન્ટરટેઇનમેન્ટ પ્રા. લિ.** ના નામે લખવો.
**Printed and Published by** SAUMIL PARESH MUNSHI on behalf of WONDER WAVES ENTERTAINMENT PVT. LTD. and **printed at** Sahitya Mudranalaya Pvt. Ltd., 55/14, City Mill compound, Kankaria Road, Ahmedabad-380 022 and **Published form** 707, Shitiratna, Avinash Vyas Chowk, Panchavati, Ellisbridge, Ahmedabad-380 006. **Editor**-SAUMIL PARESH MUNSHI

'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ'ના નવા અભિગમ માટે હંમેશા માન રહ્યું છે. અન્ય કલાકારોની પ્રવૃત્તિઓની પણ નોંધ લઈ પ્રોત્સાહિત કરવાના કલા સંસ્કાર તો અપેક્ષિત જ છે. ખૂબ ખૂબ ધન્યવાદ. 'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ'ના ડિસેમ્બરના અંકમાં 'પ્રણામ, પપ્પા!' ગ્રંથ વિમોચન સમારોહનો અહેવાલ પ્રગટ થયો છે તે જાણી આનંદ થયો.

આભાર – 'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ' પરિવાર. આવનાર ૨૦૨૦ના નવા વર્ષની શુભેચ્છાઓ.

**– ડૉ. બિંદુબેન ત્રિવેદી, અમદાવાદ**

ડિસેમ્બર મહિનાના અંકમાં રતિલાલ બોરીસાગરની કલમે 'વાંચવા લાવેલું પુસ્તક પાછું ન આપવા વિશે' વાંચીને ખરેખર હસી પડાયું. તેમનો લેખ વાંચી હું જે સવાલોમાંથી પસાર થયો છું એ બધા જ મુદ્દાસર મારા જ જવાબો સાથે જાણે લખાયો હોય એવું લાગ્યું. આજકાલ ચાલતા નિમ્ન કક્ષાના હાસ્યથી અનેકગણા ઉચ્ચ કોટિના હાસ્યના દર્શન થયા. રતિલાલ બોરીસાગરને તેમની આ કુશળતા માટે સલામ.

અમર ભટ્ટની કલમે 'સંગીતના સગપણ'માં જૂનાં, જાણીતા અને નામાંકિત સ્વરકારો વિશે જાણવાનો લ્હાવો મળે છે. અમરભાઈની સંગીતની સૂઝને કહેવું પડે. અને હા, આપનો કાર્યક્રમ 'મસ્તી-અમસ્તી' તો કેમ ભૂલી શકાય? એક નવા જ વિચારને હાસ્યના આવરણમાં એટલી સુંદર રીતે રજૂ કરાયો છે તે જ અદ્‌ભુત છે. શ્યામલ મુનશીની રચના 'પોપટની ઉધરસ'નું મંચન હોય કે 'સોશિયલ સાયન્સ'નું ગીત કે પછી કિરણસિંહ ચૌહાણની હાસ્ય કવિતા, રતિલાલ બોરીસાગરના પેરોડી કાવ્યને આપના સ્વરે સાંભળી મજ્જો પડી ગયો.

બસ, આમ જ નવા વર્ષે પણ અવનવા કાર્યક્રમો કરતા રહો એવી અંતરથી શુભેચ્છા.

**– ઘનશ્યામ જાની, અમદાવાદ**



રાજેશ વ્યાસ 'મિસ્કીન'

# અજવાળાની કેડીએ...



**ચર્ચની લાઈટનું એ અજવાળું,**
**રાતભર સ્મિત કરે મર્માળુ.**

**પાંદડા પણ ખરી પડ્યા સઘળે,**
**હાસ્ય કાતિલ પવનનું બર્ફાળુ.**

**ટાઢમાં દેશ યંત્રવત્ જીવે,**
**સર્વ રાખે છે હિટર હૂંફાળું.**

**લાગણી હોય કે બધા રસ્તા,**
**શ્વેત ચાદરમાં દેશને ભાળું**

**ક્યાંક મારામાં આશરો શોધી,**
**રાત કાઢું અને દિવસ ગાળું.**

**યાદના ખંડિયેરમાં 'મિસ્કીન',**
**રોજ બાંધે કરોળિયા જાળું.**

**— રાજેશ વ્યાસ 'મિસ્કીન'**

અમેરિકામાં જ્યાં અને ત્યાં ચર્ચ દેખાયા કરે છે. દરેક ચર્ચની ટોચ ઉપર એકાદ લાઈટ બળતી હોય છે. દરેક ગલીમાં એક ચર્ચ છે એમ કહીએ તો ય ખોટું નહીં. ક્યારેક તો એક સાથે બે-ત્રણ ચર્ચ આજુબાજુમાં ઊભા હોય છે. ઘણી વાર એ ચર્ચ વેચવાના છે એવી જાહેરાતો એની બહાર મૂકવામાં આવી હોય છે. શિકાગોમાં એક ચર્ચ વેચાયું અને તેને બૌદ્ધ ધર્મના લોકોએ ખરીદ્યું. બીજું એક ચર્ચ વેચાવાની જાહેરાત સાથે ઊભું છે. અમેરિકામાં પણ માણસો બેઘર-હોમલેસ (Homeless) છે. બધા ચર્ચ જોયા કે એમ કહી શકાય કે આપણે ત્યાં જેટલા દેરી-મંદિર હોય છે. થોડા વખત પહેલા એક મુક્તક લખાયું હતું...

**ચારેબાજુ ચર્ચ ઊભા છે, કોની કરવા સર્ચ ઊભા છે,**
**ખર્ચાયું તરવામાં જીવતર, કાંઠે સઘળા ખર્ચ ઊભા છે.**

આટલા બધા ચર્ચ ઊભા કરીને કોની સર્ચ કરી રહ્યા છે. ઈશ્વરને શોધી રહ્યા છે? જીવનને શોધી રહ્યા છે! પોતાનામાં શ્રદ્ધા પ્રગટાવી રહ્યા છે! એવા વિચારોમાં જાગતો સૂતો છું અમેરિકાના કોઈ બંગલાના ત્રીજા માળના ઉપરના રૂમમાં-અંધારામાં, બારીમાંથી અજવાળું આવી રહ્યું છે દૂર ઊભેલા ચર્ચની લાઈટનું. ચર્ચની લાઈટનું અજવાળું જે બારીમાંથી આવી રહ્યું છે એ અજવાળું ઓરડાની બીજી દીવાલ ઉપર બે બારી જેટલું જ પ્રતિબિંબિત થઈ રહ્યું છે. ચર્ચનું અજવાળું બે કાલ્પનિક બારી ઊભું કરી રહ્યું છે. કેવું પ્રતિકાત્મક! ઓરડાના અને જીવનના અંધારામાં એ અજવાળું કેટલું ય અર્થસભર, મર્માળુ જાણે સ્મિત વેરી રહ્યું છે.

ભારત પાસે હિમાલય ના હોત તો ભારત અને અમેરિકામાં કોઈ ફરક ના હોત. હિમાલયને લીધે ભારત દેશમાં આવતા ઠંડા પવનો રોકાઈ જાય છે. સૂરજદાદાને લીધે ભારત હૂંફાળો દેશ છે.

અમેરિકામાં ભયંકર સ્નો પડે છે. ભલભલું થીજી જાય. ખેતર, રસ્તા, મકાનો બધું જ સ્નોથી ભરેલું. આ દેશને ઠંડો પવન થીજવી દે છે. ભારત પાસે હિમાલય ના હોત તો ભારત અને અમેરિકામાં કોઈ ફરક ના હોત. હિમાલયને લીધે ભારત દેશમાં આવતા ઠંડા પવનો રોકાઈ જાય છે. સૂરજદાદાને લીધે ભારત હૂંફાળો દેશ છે. અમેરિકા એટલે કાતિલ ઠંડી, લાગણી શૂન્યતા, ડ્રગ્સ જેવા અનિષ્ટોથી પણ છલકાતો દેશ. ભારત પોતાને આવા ઘણાં અનિષ્ટોથી બચાવી શક્યું છે કારણ કે ભારત પાસે હિમાલય જેટલું જ જૂનું અને દૈવી તત્વદર્શન છે. પરદેશમાં ઠંડો કાતિલ પવન એટલો ફૂંકાય છે જેનો આપણને અનુભવ નથી. કલ્પના પણ નથી. પણ અમેરિકાના અનિષ્ટો અમેરિકા આવ્યા પછી જ દેખાય એમ છે. બાકી તો અમેરિકાનું ઘેલું, અમેરિકાનું ગાંડપણ આપણને આ બધું સમજવા દે એમ નથી.

હિમાલયની પરંપરા ઘણાં બધાં કાતિલ પવનોને રોકી શકી છે. કહે છે કે અમેરિકાની પાનખર ખૂબ જ સુંદર હોય છે. ભારતમાં વસંત સુંદર હોય છે.

હિમાલયની પરંપરા ઘણાં બધાં કાતિલ પવનોને રોકી શકી છે. કહે છે કે અમેરિકાની પાનખર ખૂબ જ સુંદર હોય છે. ભારતમાં વસંત સુંદર હોય છે. એક મિત્રે કહ્યું ૧૫-૧૬ ઑક્ટોબરમાં આવશો તો આ કેનેડાના રસ્તે પાનખર જોવાની મજા આવશે. મેં કહ્યું આ દિવસ કઈ રીતે ભૂલાય? મારી જન્મ તારીખ પાનખર સાથે જોડાઈ છે પરદેશમાં એનો પણ આનંદ થયો. મારી જન્મ તારીખ આસો નવરાત્રિ સાથે જોડાઈ છે ભારતમાં એનો પણ આનંદ છે. લીલાંછમ વૃક્ષોથી લચી પડેલું અમેરિકા પાનખર પૂરી થતાંની સાથે સાવ બોડું થઈ જાય છે. એક પણ વૃક્ષ ઉપર એક પણ પાંદડું પણ નથી હોતું સિવાય કે ક્રિસમસ ટ્રી. કાતિલ ઠંડીમાં અમેરિકા ક્રિસમસ ઉજવી શકે છે. અમાસના અંધારે ભારત દિવાળી ઉજવી શકે છે. બધાં જ વૃક્ષો ઉપરથી પાંદડાં ખરી પડ્યાં છે અને જાણે પવન બર્ફાળું કાતિલ હાસ્ય કરી રહ્યો છે. હું અમેરિકામાં રસ્તાઓને મફલરની જેમ વીંટાળીને ફરવા નીકળી પડું છું.

મોટરોમાં ધસમસતું અમેરિકા સાવ ટાઢુંબોળ છે. ઘરનો કે ઑફિસનો દરવાજો રિમોટ કે નંબરલોકથી ખૂલે છે. ઘણાં સ્થળે સતત ટ્રાફિક જામ હોય જ. સાંજે ૬.૩૦ની આસપાસ ડિનર લઈ લે છે. આખો દેશ યંત્રવત્ જીવે છે. અહીં બહુ લાગણીવશ થવું પોસાય તેમ નથી. આખા દેશને ઘર હોય કે ઑફિસ કે દુકાન કે મોલ હિટર હૂંફાળા રાખે છે. રસ્તાઓ

અને લાગણીઓ શિયાળામાં જાણે શ્વેત ચાદર ઓઢીને સૂતા હોય એમ દેખાય. હું પણ મારામાં થોડોક આશરો શોધીને રાત કાઢી રહ્યો છું. દિવસો ગાળી રહ્યો છે. મારું માનવું છે કે આ દેશ લાગણીશૂન્યતા તરફ ધકેલાઈ રહ્યો છે. કદાચ ભવિષ્યમાં અહીં સાહિત્ય, સંગીત કે કલાના કોઈ અન્ય સ્વરૂપો માટે કોઈની પાસે કોઈ સમય ના હોય એવું બને.

પ્રત્યેક માણસની પાસે એનો ભૂતકાળ હોય છે. એની પોતાની અંગત યાદો હોય છે. આ દેશમાં અનેક મિત્રોને મળું છું એમની યાદો કોઈ ખંડેર મહેલ જેવી દેખાયા કરે છે. સાવ અવાવરું ગમે ત્યાં ઝાડ-પાન ઊગી ગયા હોય તેવા કોઈ ખંડેરમાં કરોળિયા જાળા બાંધે એમ કોઈ સાંજે કોઈ આશાએ થોડાક જાળા બાંધ્યા હોય છે. જો કે ભારતમાં ય કંઈ કશું બદલાયું ના હોય એવું નથી. બાળપણનું એ ભારત ક્યાંથી લાવવું?

**બાપદાદાથી ધબકતા'તા બધા ઘર, ક્યાં ગયા?**
**તુલસીક્યારો-એ ફળિયું દ્વાર ઉંબર ક્યાં ગયા?**

**બારણે તોરણ અને હા, લાભશુભ ને શ્રી સવા,**
**ને ઘરેઘરમાં હતા એ સર્વ ઈશ્વર ક્યાં ગયા?**

**ઓળખીતા એ અવાજો ગામને ચોરે મળે,**
**એ તળાવો, રામજી મંદિર, એ પાદર ક્યાં ગયા.**

**ને નવી પેઢી કશું ના સાંભળે બોલે નહીં,**
**માન-મર્યાદા ભરેલા સર્વ અંતર ક્યાં ગયા.**


**સાવ બદલાયું બધું 'મિસ્કીન' મનને મૂંઝવે,**
**પૂછવું કોને? વડીલો સૌ સમયસર ક્યાં ગયા?**





વિનોદ જોશી

# મૌનની વાચાનું મનહર ગીત



અમે વહેતી જમુનાની જેમ વહેશું,
કે શ્યામ હવે મૂગાં મૂગાં જ બધું કહેશું.

વાંસળીના સૂર ક્યાંક વરસે
તો ચોમાસું બેઠું છે એમ નહીં બોલીએ,
ક્યાંક ફૂલ ખીલે કદમ્બનાં
તો કાળજાની કળીઓ કદીય નહીં ખોલીએ;

અમે હસતાં હસતાં જ રડી લેશું,
કે શ્યામ હવે મૂગાં મૂગાં જ બધું કહેશું.

શમણાંમાં મોરપીંછ મૂકીને ચીતરશું
ઝબકીને જાગવાનું સુખ,
દર્પણની ડાળખીમાં સળવળશું સ્હેજ
અને વાયરામાં વહી જાશું દૂર;

અમે અરધાં અધૂકડાં જ રહેશું,
કે શ્યામ હવે મૂગાં મૂગાં જ બધું સહેશું.

— મનહર જાની

જેમાં પાણી વહેતું હોય એ જ નદી. નદી સુકાય એટલે એનું નદીપણું નષ્ટ થાય. વહેતી નદીનાં કાંઠા જ એકમેકને જળના માધ્યમથી સ્પર્શી શકે છે. સુક્કી નદી તો ચોમાસાનો નિસાસો છે.

પણ ઘણી વાર, વહેતાં પાણી પણ જાણે કોઈ ઉલ્લાસ વગર વહ્યે જતાં હોય તેવું લાગે ત્યારે નદી, નદી લાગતી નથી. જીવનનું પણ કંઈક એવું જ છે. એ જાય તે સાચું પણ એમાં જીવનની પ્રતીતિ ન હોય. વર્ષોમાં જીવન ઉમેરાવું જોઈએ તેને બદલે જીવનમાં વર્ષો ઉમેરાતાં રહે તેવું થાય તે કોઈને ન પાલવે.

અહીં આ આખીયે વાત રાધા અને કૃષ્ણના સંદર્ભમાં કવિએ બહુ અર્થસભર રીતે મૂકી આપી છે. આપણે જાણીએ છીએ તેમ ગોકુળનાં ગોપ-ગોપીઓ અને રાધાનો સહવાસ પરહરી કૃષ્ણ મથુરામાં કંસના વિનાશ માટે પળ્યા એ ક્ષણથી

જ ગોકુળનો ઉલ્લાસ છિનવાઈ ગયો હતો. ધર્મસંસ્થાપના માટે એક યુગાવતારરૂપી જન્મેલા કૃષ્ણની કોઈ મહાન છબી રાધાના મનમાં નથી. કૃષ્ણ પરિત્રાણ અને વિનાશની જવાબદારી બજાવવા માટે સંભવ્યા હોવાનું સત્ય એના ધબકતાં હૃદયમાં કદી પ્રવેશ્યું નથી. એને માટે તો કૃષ્ણ સન્મુખ હતો અને હવે એમ નથી, એથી વિશેષ કોઈ પરિસ્થિતિ સ્થાન લઈ શકી નથી. આ હતો અને હવે નથી એ પરિસ્થિતિમાં હવે પોતે શું કરવાનું છે તેનું એક સમાધાન આમ તો આ કાવ્યનો વિષય છે. પણ સમાધાન છે એટલે પરિસ્થિતિનો સ્વીકાર છે તેવું નથી તે વાત પંક્તિએ પંક્તિએ ઊઘડે છે એ જ આ કાવ્યની વિલક્ષણતા છે.

વહેતી જમુનાની જેમ વહેવાનું સમાધાન શોધી લેતી રાધા હવે કંઈ કહેવાની નથી એટલું સ્પષ્ટ થયા પછી પણ વહેતી તો રહેવાની જ છે તેવી આસ્થાની જ્યોત પ્રગટાવી આપે છે. એ જાણે છે કે કૃષ્ણ નહીં હોય તો પોતે કહેવાની વાત થઈ શકવાની નથી. મૂંગા જ રહેવું પડવાનું છે. પણ તેથી શું? વાત શબ્દોમાં થઈ શકતી હતી તેને સ્થાને હવે મૌનથી બધું કહેવાશે તેવું રાધાને ઊંડે ઊંડે પણ આશ્વાસન છે. આ નદીને કાંઠે જ એમનું સખ્ય વિસ્તર્યું છે એટલે વિયોગમાં પણ તેની સાથેનો સાક્ષીભાવ અકબંધ રહ્યો છે. વહેતી જમુનાને છેવટે તો સમુદ્રનો આશ્રય સાંપડવાનો જ છે તેવી પ્રતીતિ રાધાને કૃષ્ણનાં પુનઃ મિલન માટે એક મોટું કારણ પૂરું પાડે છે. એ શ્રદ્ધાના બળે જ એ હમણાં તો સમાધાન કે શરણાગતિના ઉદ્ગારો કરી રહી છે.

એ કહે છે કે, 'વાંસળીનાં સૂર ક્યાંક વરસે તો ચોમાસું બેઠું છે એમ નહીં બોલીએ.' કવિતામાં ભાષા કેવો ચમત્કાર કરતી હોય છે તે અહીં જોઈ શકાશે. અહીં સૂર સંભળાવાની વાત નથી પણ વરસવાની વાત છે. સાંભળવાનો અનુભવ કેવળ કર્ણેન્દ્રિયનો અનુભવ છે પણ વરસાદમાં પલળવાનો અનુભવ તો આખું શરીર કરે છે. વળી વાત આટલાથી જ અટકતી નથી. રાધાને મન તો વાંસળીના સૂર એ જ ચોમાસાનો અનુભવ પણ નથી. એ જ રીતે કદમ્બના ફુલનાં ખીલવાની સાથે જ જાણે કાળજાની કળીઓ ખૂલી જતી હતી તે પણ હવે શક્ય રહ્યું નથી. કારણ કે હવે કૃષ્ણ નથી. બોલવા અને ખોલવા બન્ને પર પ્રતિબંધ લાદી દેતી રાધિકા હકીકતમાં તો વાંસળીના સૂરને અને કદમ્બપુષ્પનાં ખીલવા–ખૂલવાને વિસરી શકી નથી. નહીં બોલીએ નહીં ખોલી એનો જાપ જપતી આ વ્યાકુળા બીજી રીતે તો બોલવા ખોલવાનું કશું કર્યા વગર રહી શકતી જ નથી. અને એટલે જ એ સ્વાભાવિક રીતે એકાકાર કરી લે છે. અમે હસતાં હસતાં જ રડી લેશું. કોઈને કશી ખબર પડવા દીધા વિના જ સ્નેહના તંતુને અકબંધ રાખવા મથતી રાધાનું આંતરમન કવિએ બરાબર નિહાળ્યું છે તેની પ્રતીતિ અહીં થયા વિના નહીં રહે.

એ જે કંઈ ગુમાવે છે તેની સામે શું ઉપલબ્ધ કરશે તેનું ગણિત પણ એણે માંડી રાખ્યું છે. ખાલી જગ્યા ભરવા માટે એણે ઉપાય તો શોધી જ રાખ્યો છે. અને એ ઉપાય કેવો છે? કૃષ્ણથી લગીરે હટીને આ વિકલ્પ વિચારતો નથી તે રાધા જાણે છે તેમ આપણે પણ જાણીએ છીએ. એ કહે છે:


**શમણાંમાં મોર પીંછ મૂકીને ચીતરશું**
**ઝબકીને જાગવાનું સુખ,**
**દર્પણની ડાળખીમાં સળવળશું સ્હેજ**
**અને વાયરામાં વહી જાશું દૂર.**

જે પ્રત્યક્ષ નથી તેનો અનુભવ રાધા શમણાંમાં કરે છે. અહીં મોરપીંછાનો નિર્દેશ થયો કે તરત આખીયે વાત કૃષ્ણના સંદર્ભમાં મંડાઈ ગઈ. મોરપીંછ તો કૃષ્ણના સ્મરણલોકનું પ્રવેશદ્વાર. તેની સ્થાપના કરી સાથે જ સુખનો સંવાદી અનુભવ થવા લાગે. પણ અહીં તો કવિ ભાષાનો જાદુ કરીને

ઝબકી જાગવાના સુખને ચીતરવાની વાત કરે છે. જેવી જાગવાની ઘટના બને કે તરત શમણું ઓઝલ થઈ જાય. એટલે જ પેલું ચીતરેલું સુખ હોય તો જોઈ શકાય તેની રાધાને ખબર છે. એ જ રીતે, કૃષ્ણ સન્મુખ હોય ત્યારે તેનામાં પોતાનું પ્રતિબિંબ જોઈ શકાતું હતું તેને સ્થાને હવે પોતે દર્પણમાં જોવું પડવાનું છે તેની પણ એને ખબર છે. દર્પણમાંથી બહાર નીકળવાનું હોય તો દર્પણ સામેથી ખસવું પડે. અહીં કવિએ 'દર્પણની ડાળખી' એવો શબ્દપ્રયોગ કરી એ ડાળખીની વાત દૂર દૂર સુધી પ્રસરાવનાર વાયરા સુધી જનારો છે તેની રાધાને ખબર હોવી જોઈએ. એટલે જ એ દર્પણમાં સહેજ સળવળીને પછી વાયરાની સંગાથે શ્યામ સમીપે પહોંચવાનો મનસૂબો સેવી રહી છે.


રાધા પોતે અધૂરી રહેશે એ વાતે જે કંઈ સહે એ સહેવું જ એને માટે જાણે સંપૂર્ણતાની ઉપલબ્ધિ હોય તેવું અહીં વ્યંજનાપૂર્વક સ્ફુટ થાય છે. અરધા હિસ્સામાં તે નથી તેવી પ્રતીતિને આત્મસાત્ કરવી તેનો અર્થ જ એ કે શ્યામનું સંપૂર્ણ સાયુજ્ય રાધાને પ્રાપ્ત થયું છે. વિરહની વાતમાં પણ સંપ્રાપ્તિનો અર્થ કેવો તો વિધાયક બનીને ઉઘડી આવે તેનું આ કાવ્ય ઉત્તમ ઉદાહરણ છે.


આમેય પ્રેમમાં જે સંપ્રાપ્તિ હોય છે તે કશુંક નહીં મળ્યાના પ્રત્યાઘાતરૂપે જ હોય છે. આ કાવ્યમાં આ અર્થમાં રાધા કશું ગુમાવતી નથી, પ્રાપ્ત જ કરે છે. એટલે જ કદાચ ભલે મૌન થકી પણ એ કશુંક કહેવાનું તો ચાલુ જ રાખશે તેમ કૃષ્ણને કહી દે છે. એ કૃષ્ણને કહે છે તે છેવટે સંભળાય છે તો આપણને એ અહીં ભૂલવા જેવું નથી.




Future Solutions
AIRCONDITIONING SOLUTIONS FOR THE FUTURE
DAIKIN
GUJARAT'S LARGEST SERVICE NETWORK
0% FINANCE AVAILABLE
HI WALL UNITS
CASSETTE UNITS
DUCTABLE UNITS
VRV SYSTEMS
CHILLERS
Get ready to chill
K3DC.IN
FUTURE SOLUTIONS
DAIKIN SOLUTION PLAZA
futuresoluindia@gmail.com
www.futuresoluindia.com
Jyoti Plaza, Shyamal Cross Roads, Satellite, AHMEDABAD.
+91 79 26746605 / 06, 99789 69242, 98253 06605
GANDHINAGAR SHOWROOM
5/GF, Ugati Corporate Park, Opp. Pratik Mall, Nr. HDFC Bank, Kudasan.
079 2360 0789


Future Automation Solutions
SOLUTIONS FOR SIMPLIFIED LIVING
Authorized Channel Partners & System Integrators
B.
Schneider Electric
Control4
RTI
INTEGRATED AUTOMATION SOLUTIONS
HOME & OFFICE AUTOMATION
DISTRIBUTED AV & HOME THEATRES
LIGHTING, SHADE & CLIMATE CONTROLS
SECURITY & SURVEILLANCE
DOOR COMMUNICATION & CONTROLS
K3DC.IN
FUTURE AUTOMATION SOLUTIONS EXPERIENCE CENTER
079 2674 6605 / 06 | +91 99098 94784


POWER PACK SYSTEMS
LEADER IN POWER PROTECTION
Future Solutions Group
POWER BACKUP
SALES . SERVICE . RENTAL
K3DC.IN
Authorised Premium Dealer
EATON
UPS
POWER PACK SYSTEMS
"Hani House", Ground Floor, B/h. Oriental Bank of Commerce, Shyamal Cross Roads, Satellite, Ahmedabad-380 015.
info@powerpacksystems.in
powerpacksystems2611@gmail.com
9824013589
+91 79 2674 6605 / 06


The Cake STATION
COMPLETE SOLUTION FOR BAKERS & CONFECTIONERS
ARIFE
Types of Moulds, Cake Boards, Cupcake Liners.
Fondants, Colours, Essence, Fruit Crush & other edible products.
Types of Cutters & Plungers.
Packing material for Cakes, Cupcakes, Chocolates and many more products.
AUTHORIZED DEALER FOR MUMBAI BASED ARIFE LAMOULDE
DESIGNER CAKES & CUPCAKES (BY ORDER)
14, Vraj Vihar-5, Opp. Gloria Restaurant, Behind Rahul Tower, Satellite, Ahmedabad.
98795 16605 | 079 4006 6605
thecakestation@hotmail.com
K3DC.IN



રતિલાલ બોરીસાગર

# કરકસરના મોંઘા પ્રયોગો



એક સુરમ્ય પ્રભાતે મસાલાવાળી ચા પીતાં-પીતાં મેં દરખાસ્ત મૂકી: 'હવેથી શક્ય એટલી બાબતોમાં આપણે કરકસર કરવી જોઈએ એમ મને લાગે છે.' મારી દરખાસ્તથી પત્ની પહેલાં ચોંકી ઊઠી અને પછી હસી પડી. એ બોલી, 'આપણે કરકસર કરવાની જરૂર નથી. માત્ર તમારે કરકસર કરવાની જરૂર છે. બધા ખોટા ખર્ચા તમારા જ છે. તમારા ખોટા ખર્ચાને પહોંચી વળવા હું તો સાચા ખર્ચા પણ કરી શકતી નથી.'

'દાખલા તરીકે?' મેં પૂછ્યું.

'એક નહીં, અનેક દાખલા છે. દિવસમાં ચાર વાર મસાલાવાળી ચા પીવી, અઠવાડિયામાં બે વાર ફરસાણનો આગ્રહ, તેલ-મસાલાથી તરબતર શાકનો આગ્રહ, પાંચસો રૂપિયે મીટરવાળું પેન્ટનું કાપડ ખરીદવાનો આગ્રહ, બસની રાહ જોવાનો કંટાળો, ને એટલે રિક્ષા જ વાપરવાનો આગ્રહ, રોજનાં ત્રણ છાપાં ને રવિવારનાં તો બધાં જ છાપાં, આંખો મીંચીને પુસ્તકોની ખરીદી કરવી ને મૅગેઝિનો લાઇબ્રેરીમાં જઈને વાંચવાને બદલે ઘેર મંગાવવા, મોંઘી બૉલપેનો વાપરવી ને પંદર દિવસે સરેરાશ એક પેન ખોઈ નાખવી, રાત્રે મોડે સુધી વાંચીને વીજળી બાળવી.

'બસ, બસ...!' લાંબી યાદી સાંભળી હું એકદમ ઉશ્કેરાઈ ગયો. 'સાંભળ, હું કરકસર કરીશ. પ્રાણાંતે પણ કરીશ. હવેથી એક જ વાર ચા પીશ ને તે પણ મસાલાવાળી નહીં; ઠંડા પાણીએ નાહીને ગીઝરનું વીજળીનું બિલ બચાવીશ; શાકભાજી બાફેલાં ખાઈશ; રિક્ષામાં કદી નહીં બેસું, હંમેશાં બસમાં જ જઈશ; શક્ય એટલું ચાલીને બસનો ખર્ચ પણ ઘટાડીશ.' મારી કરકસરની વાત સાંભળી પત્ની એકદમ

ડઘાઈ ગઈ.

પછીની પહેલી તારીખથી કરકસરનાં જોરદાર પગલાં ભરી બૅંકબૅલેન્સ છલકાવી દેવાનો મક્કમ નિર્ધાર મેં જાહેર કર્યો.

❉

કરકસરના પહેલાં જ પગલાંમાં ઘણી વીરતાની જરૂર પડી. પ્રિયતમાના સ્પર્શ જેવા ગીઝરના હૂંફાળા પાણીને બદલે રાતભર ઠરેલી ટાંકીના ઠંડા પાણીએ નાહવાનું કામ કારગીલ મોરચે લડવા કરતાં વિશેષ અઘરું છે. હું બાથરૂમમાં પ્રવેશ્યો. નળની ચકલી ખોલી પાણી ડોલમાં કાઢ્યું. પછી પાણીના ઠંડાપણાનો ક્યાસ કાઢવા આંગળાં ઠંડા પાણીમાં બોળ્યાં. પાણી અને આંગળાઓનો પરસ્પર સ્પર્શ થતાં જ માત્ર આંગળાંઓ જ નહીં, હું આખો ઠંડો પડી ગયો. એટલામાં બહારથી પત્નીનો મધુર અવાજ આવ્યો: 'સાંભળો, ઉનાળો બરાબર બેસી જાય પછી ઠંડા પાણીએ ના'જો, હમણાં આટલી કરકસર ભલે ઓછી થાય.' પણ અત્યારે હું વીર નર્મદના મિજાજમાં હતો: 'ડગલું ભર્યું કે ના હઠવું' એટલે મેં કહ્યું, 'તું ચિંતા ન કરીશ. હિમાલયની અડગતાથી હું ઠંડા પાણીએ જ સ્નાન કરીશ.' મારા શબ્દોમાં રહેલું સામર્થ્ય મારા અવાજમાં બરાબર પ્રગટ થતું નહોતું. આમ છતાં હતું એટલું મનોબળ એકઠું કરી મેં ટમલર ભર્યું ને શરીર પર એનો અભિષેક કર્યો. પાણી એટલું બધું ઠંડું હતું કે મારાથી એકદમ ઊભા થઈ જવાયું.

આપત્તિમાં મગજ સારું ચાલે છે એમ મનોવિજ્ઞાનીઓ માને છે. મારું મગજ બહુ સારું તો ક્યારેક નથી ચાલતું, પણ અત્યારે એક સરસ વિચાર મને સ્ફૂર્યો. અમારાં બા શીતળા સાતમના દિવસે ચૂલો ઠારતાં એટલે ચૂલો તો એ દિવસે સળગે જ નહીં. પણ પ્રાઈમસ પેટાવી એના પર ચા, નાહવાનું પાણી વગેરે થઈ શકતાં. મને થયું કે ગીઝરની સ્વિચ તો હવે પ્રાણાંતે પણ મારાથી ઑન ન થઈ શકે, પણ ગીઝરને બદલે ગૅસથી પાણી ગરમ થઈ શકે! આ વિચાર આવતાં જ પત્ની સાથે વિચારવિમર્શ કરવા હું ટુવાલભેર બાથરૂમમાંથી બહાર આવ્યો. નાહ્યો નથી એવું તો મારા પ્રાકૃત દેખાવ પરથી સ્પષ્ટપણે સમજી શકાય તેમ હતું. પત્ની હસી. પૂછ્યું, 'ઠંડું લાગે છે ને?'

> કરકસરના પહેલાં જ પગલાંમાં ઘણી વીરતાની જરૂર પડી. પ્રિયતમાના સ્પર્શ જેવા ગીઝરના હૂંફાળા પાણીને બદલે રાતભર ઠરેલી ટાંકીના ઠંડા પાણીએ નાહવાનું કામ કારગીલ મોરચે લડવા કરતાં વિશેષ અઘરું છે.

'હા,' મેં કહ્યું, 'પણ ગીઝરથી તો પાણી નથી જ ગરમ કરવું. ગૅસથી પાણી ગરમ થઈ શકે કે કેમ એ તને પૂછવા જ બહાર આવ્યો છું.'

'એ તો થઈ જ શકે ને? પણ ગૅસનો ભાવ કેટલો બધો છે એ જાણો છો? એટલે ગીઝરથી પાણી ગરમ કરી લો.' પત્નીએ હૃદયના ખરા ભાવથી કહ્યું.

'જો નિર્ણય એટલે નિર્ણય! હજુ તો આ પહેલું પગથિયું છે. રૉબર્ટ ફ્રૉસ્ટની પેલી જવાહરલાલજીને ખૂબ ગમતી હતી એ કાવ્યપંક્તિઓ જાણે છે ને—miles to go and promises to keep; એટલે ગીઝરથી પાણી ગરમ કરવાનો પ્રશ્ન જ નથી, પરંતુ ગાંધીજીની પેલી વાત છે ને, એમણે દૂધ ન લેવાની પ્રતિજ્ઞા લીધી હતી પણ તબિયત માટે દૂધ લેવાનું અનિવાર્ય બન્યું ત્યારે ગાયને બદલે બકરીનું દૂધ લેવાનું સ્વીકાર્યું હતું. ગાંધીજી તો મહાત્મા હતા તોયે આટલું સમાધાન સ્વીકાર્યું હતું. તો પછી આપણે સામાન્ય મનુષ્યોએ ખોટી જીદ શા માટે કરવી? અલબત્ત, આમ કરવાથી પ્રતિજ્ઞાનો આત્મા ખોયો

એવી કબૂલાત એમણે કરી છે, પણ અહીં તો મારો પોતાનો આત્મા ખોવાનો પ્રશ્ન આવીને ઊભો છે. એટલે આજથી પાણી ગરમ કરવા પૂરતો હું ગાંધીમાર્ગે ચાલીશ.'

ગીઝરને બદલે ગૅસ પર પાણી ગરમ કરી કરકસરના યજ્ઞમાં પહેલી આહુતિ આપી. નિવૃત્ત થઈને ગરમ પાણીના ઝરા જ્યાં આવેલા છે એવા પ્રદેશમાં રહેવા ન જઈએ ત્યાં સુધી ગૅસથી પાણી ગરમ કરીને નાહવાનો નિર્ણય મેં કર્યો. આનાથી દર મહિને થોડો ખર્ચ વધવાનો હતો, પરંતુ કરકસર અંગેની સભાનતા ટકાવી રાખવા આટલો ભોગ આપવા હું તૈયાર થયો.

*

સંસ્કૃતમાં એક શ્લોક છે. સમુદ્રનું એક મોજું પૂરું થાય છે ત્યાં બીજું આવી જાય છે તેમ એક દુઃખનો અંત આવે ત્યાં તો બીજું દુઃખ આવી પહોંચે છે. મારા જીવનમાં આ શ્લોક ચરિતાર્થ થવાની ક્ષણ આવી પહોંચી છે એમ મને લાગ્યું. ઠંડા પાણીના સ્નાનની સમસ્યા નહોતી ઊકલી ત્યાં બાફેલું ખાવાનો સમય આવી પહોંચ્યો. ગાંધીજીએ જે અગિયાર વ્રતો ગણાવ્યા છે તેમાં એક અસ્વાદનું વ્રત પણ છે તે હું જાણતો હતો. આ વ્રત પ્રમાણમાં સહેલું છે એમ પણ હું માનતો હતો. પણ હૃદયની ભીનાશ વગરના મનુષ્ય જેવી મોણ વગરની રોટલી અને તદ્દન ઓછા તેલવાળું શાક ભાણામાં જોઈ જમવા વિશેનો મારો ઉત્સાહ એકદમ ઓછો થઈ ગયો. ગૃહસ્થાશ્રમનો એકાએક અંત આવી ગયો હોય ને સન્યસ્તાશ્રમ શરૂ થઈ ગયો હોય એવું મને લાગવા માંડ્યું. પત્નીના ચહેરા પર મોનાલિસાના સ્મિત જેવું રહસ્યમય સ્મિત વિલસી રહ્યું હતું. ભોજનની બાબતમાં હું કેવું સ્ટૅન્ડ લઉં છું તે વિશેની આતુરતા એ સ્મિતમાં પ્રગટ થતી હતી. પણ કોઈ ખાસ સ્ટૅન્ડ લેવાને બદલે હું સ્વયં સ્ટૅન્ડ અપ થઈ



ગયો. 'કેમ ન ભાવ્યું ને? લાવો, તેલ-મસાલો નાખી નવેસરથી શાક તૈયાર કરી આપું.' પત્ની હૃદયના સાચા ભાવથી જ આમ કહી રહી હતી એમાં શંકા નહોતી પણ કરકસરની મેં જ ઊભી કરેલી આબોહવા મારે હાથે જ વીંખી નાખવાનું શ્રેય મારે લેવું નહોતું. મેં કહ્યું, 'ના, ના, એ તો બે દિવસ નહિ ભાવે, પછી ટેવાઈ જઈશું. આ કુદરતી આહાર છે. આનાથી તબિયત પણ સારી રહેશે. તેલનો જ નહીં, દવાનો ખર્ચ પણ બચશે.' મારે કબૂલ કરવું જોઈએ કે મારા અવાજમાં જોઈએ એવી ખુમારી નહોતી, પણ કરકસર માટેની મારી નિષ્ઠા તો અવશ્ય પ્રગટ થતી હતી.

❋

અર્ધભૂખ્યાવસ્થામાં હું ઑફિસે જવા નીકળ્યો. ઘર બહાર પગ મૂક્યો ત્યાં જ મને ભૂખની તીવ્ર લાગણી થવા લાગી. 'યે રાત હૈ ઈતની મતવાલી તો સુબહા કા આલમ ક્યા હોગા?' એવું એક ફિલ્મી ગીત છે. મને થયું, સવારે જ પેટ 'ભોજન'-'ભોજન' એવા પોકારો કરે છે તો સાંજે તો શું થશે? ને સાંજે પણ પાછો કુદરતી આહાર જ ને? મને લાગ્યું કે આમ ભૂખ્યા પેટે જ ઑફિસે જઈશ તો કામ બરાબર નહિ થાય. એક સંનિષ્ઠ કર્મચારી તરીકે મારે માટે એ બરાબર ન કહેવાય. ફરી સંઘર્ષ! ફરી મનોમંથન! એક બાજુ રાષ્ટ્ર પ્રત્યેની નિષ્ઠાનો સવાલ હતો, બીજી બાજુ આત્મનિષ્ઠાનો પ્રશ્ન હતો. હું બરાબર કામ ન કરી શકું તો એટલા પૂરતું રાષ્ટ્ર નબળું પડે એના કરતાં મારું નબળું ખિસ્સું થોડું વધુ નબળું પડે એ બહેતર નિર્ણય કહેવાય એમ મને લાગ્યું. રાષ્ટ્ર માટે કોઈ કુરબાની મોટી નથી! યોગ્ય દિશામાં વળેલું મન પાછું વિપરીત માર્ગે વળી ન જાય તે માટે હું તરત જ રિક્ષામાં બેસી ગયો ને થોડે દૂર આવેલા જ્યૂસ સેન્ટર પર જઈ મેંગો-જ્યૂસનો મોટી સાઈઝનો પ્યાલો ગટગટાવી ગયો. પચ્ચીસ રૂપિયાનો વધારાનો ખર્ચ થયો ને હજુ સમયસર બસ પકડવા માટે રિક્ષાના બીજા દસ રૂપિયા ખર્ચવાના હતા, પણ હવે ઑફિસનું કામ સરસ રીતે થઈ શકશે એ ખ્યાલે (કદાચ પેટમાં મેંગો-જ્યુસ પડ્યું એ કારણે) મારું મન પ્રફુલ્લિત થઈ ગયું. એક મોટા રાષ્ટ્રદ્રોહમાંથી ઊગરી જવાનાય સંતોષથી હૃદય સભર બની ગયું.

> પહેલી વાર મારા વાળ જાતે કાપું એ વખતે આપણે એક ફોટો પણ પડાવીશું. ફોટોનો થોડો ખર્ચ થશે, પણ ભવિષ્યમાં આપણાં સંતાનો ને સંતાનોનાં સંતાનો પર કરકસરના સંસ્કાર પડશે.

બીજે દિવસે ઑફિસે જવા માટે નીકળતાં પહેલાં મેં પત્નીને કહ્યું, 'જો તું ચૂનો દેવરાવવાનું કહેતી હતી ને, તે આ પહેલા આપણે હાથે ચૂનો દઈશું. પા ભાગના ખર્ચમાં પતી જશે ને સ્વાવલંબનનો આનંદ મળશે એ વધારામાં.' હાથે ચૂનો દેવાની વાતથી પત્ની બેહદ ચમકી ગઈ. ઘણાં વખતથી ચૂનો ન દીધા પછી એ કેવું લાગશે એ વિચારે એ થોડી ભયભીત બની ગઈ. એ બોલી, 'જુઓ, બધું એકસામટું રહેવા દો. તમને તો કૂચડો પકડતાંય નથી.'

'જો એમ હતાશ ન થવાય. જીવનમાં પૉઝિટિવ થિંકિંગનું ઘણું મહત્ત્વ છે. હું ધીમે-ધીમે તને સરપ્રાઇઝ આપતો રહેવા માંગું છું. જો સાંભળ, આવતા મહિનાથી હું મારા વાળ જાતે કાપીશ.'

'શું?' પત્ની એકદમ ચમકી ગઈ.

'હા, વાળ કાપવાના ભાવ બહુ વધી ગયા છે. વાળંદ સામે માથું નમાવવાનું ને ઉપરથી ત્રીસ રૂપિયા આપવાના. જો આ એક અરીસો તો કબાટમાં જડેલો છે. બીજો અરીસો આપણે ખરીદીશું. એ પકડીને તું ઊભી રહેજે. બંને અરીસામાં જોઈ હું મારા વાળ જાતે કાપીશ. પહેલી

વાર મારા વાળ જાતે કાપું એ વખતે આપણે એક ફોટો પણ પડાવીશું. ફોટોનો થોડો ખર્ચ થશે, પણ ભવિષ્યમાં આપણાં સંતાનો ને સંતાનોનાં સંતાનો પર કરકસરના સંસ્કાર પડશે. એમ તો વાળંદને ત્યાં હોય છે એવી ઊંચી ખુરસી પણ કરાવવી પડશે. હજામતનાં થોડાં સાધનો પણ વસાવવાં પડશે. એટલે પ્રારંભમાં થોડું રોકાણ કરવાનું થશે, પણ પછીથી દર મહિને ત્રીસ રૂપિયા બચશે—એટલે બાર મહિને ત્રણસો સાઠ રૂપિયા બચશે—આ ત્રણસો સાઠ રૂપિયાનાં દર વર્ષે નૅશનલ સેવિંગ્ઝ સર્ટિફિકેટ લેતા રહીશું.'

કરકસર કરવાના ટૅન્શનને કારણે કે ઉત્સાહને કારણે મારા મગજની સમતુલાને માઠી અસર નથી પહોંચી ને, એવી શંકા ગઈ, પણ તે કંઈ બોલી નહીં. મેં આગળ ચલાવ્યું, 'જો આજે જ ચૂનો દેવાનું શરૂ થશે. ચૂનો હર્ષદ કરી આપવાનો છે (હર્ષદ મારો ભત્રીજો છે). થોડી જ વારમાં એ માલસામાન લઈને આવશે. મેં એને પૈસા આપી રાખ્યા છે. હર્ષદ વારંવાર કહે છે કે એ ધોળવાનું કામ શીખ્યો છે તો એને પ્રેક્ટિસ થશે અને આપણું કામ થશે.' પત્ની એમ જ અવાક્ બની ઊભી રહી ને હું ઑફિસે જવા નીકળ્યો.

*

એ દિવસે પણ પુનરપિ જ્યૂસમ્ પુનરપિ રિક્ષા કરી હું ઑફિસે પહોંચ્યો. કરકસર કરવાના પ્રારંભિક તબક્કે ખર્ચ વધ્યો હતો એ હકીકતથી હું સભાન હતો, પણ આ વ્યૂહાત્મક પીછેહઠ હતી. અંતિમ વિજય માટે મારા હૃદયમાં અપાર શ્રદ્ધા હતી.

*

સાંજે ઑફિસથી ઘેર આવ્યો હાથે ચૂનો દીધેલું ઘર જોવા મારું મન અતિ ઉત્સુક બની ગયું હતું. આખું ઘર ધોળાયું નહીં હોય તોયે એકાદ બે રૂમ જરૂર ધોળાઈ ગયા હશે એની મને ખાતરી હતી. પત્નીએ બારણું ખોલ્યું ત્યારે ડ્રૉઈંગરૂમની બે દીવાલ કાચકાગળથી ઘસેલી હતી. હર્ષદના બંને હાથે પાટા બાંધ્યા હતા. જમીન પર પડીને દિવંગત થયેલી ટ્યૂબલાઇટના ટુકડા હજુ જેમના તેમ પડ્યા હતા. પત્નીનો ચહેરો અતિગંભીર હતો. ચિહ્નો જરૂર સારાં નહોતા, છતાં હિંમત રાખી હું અંદર પ્રવેશ્યો. પત્ની બોલી, 'જુઓ, આ કરકસર ઘણી મોંઘી પડી રહી છે. હાથે ચૂનો દેવામાં ટ્યૂબલાઇટ ફૂટી ગઈ ને ચૂનો ફોડતાં હર્ષદને હાથે ફોલ્લા પડ્યા. મલમ અને પાટા લઈ આવી એની સારવાર કરી અને હવે આ દીવાલો ઘસી છે, ચૂનો પલાળ્યો છે એટલે કાલે જ કોઈને બોલાવી ચૂનો કરાવવો પડશે.'

'જો કે એમ તો ભૂખ્યા પેટે ઑફિસે જવાનું થતું હતું એટલે આ બંને દિવસ જ્યૂસ પીવાનું થયું; રિક્ષાનો ખર્ચ પણ થયો.' કરકસરના પ્રયોગોની સાથે મેં સત્યના પ્રયોગો પણ કરવા માંડ્યા.

'જુઓ, આ બધું પડતું મૂકો. કદી લોન નહિ લેવાની ને પાસે પૈસા ન હોય, તો વસ્તુ વગર ચલાવી લેવું, પણ કોઈ વસ્તુ ઉધાર ન લાવવી. આટલું થશે તોયે ઘણી રાહત થશે.'

'ઓ પત્ની! આટલી અદ્‌ભુત વાત તેં પહેલાં જ કેમ ન કરી?'

'કરકસરનો ખેલ પાડવા માટે તમે એટલા બધા આતુર હતા કે એ વખતે કહ્યું હોત તો તમે માનત જ નહીં.'

''પત્ની! તું ખરે જ અદ્‌ભુત છે! તો મસાલાવાળી ચા...'

'બનાવું છું,' કહી પત્ની હસતી-હસતી રસોડામાં ગઈ. હું હર્ષદના ખબરઅંતર પૂછવામાં ગૂંથાયો.

(**નોંધ:** કરકસર કરવાની ઝુંબેશનો અકાળ ને અણધાર્યો અંત આવવાને કારણે હાથે વાળ કાપવાની વાત કાયમ માટે રહી ગઈ!)

**('ભજ આનન્દમ્'માંથી, સાભાર: ગૂર્જર પ્રકાશન)**

# સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટનું લવાજમ ભરી.

# સૂર શબ્દની સાથે જોડાવ...




- તમે એક પણ અંક ચૂકી ન જાવ તે માટે આજે જ લવાજમ ભરો.
- વાર્ષિક લવાજમ ભરી ૩૫%થી વધુ વળતર મેળવો.
- લવાજમ ભરી આપની કોપી આપના ઘેર સુવિધાપૂર્વક મેળવો.

વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક

**સ્વરસેતુ**
**ન્યૂઝ ડાયજેસ્ટ**








સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન, અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી), એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬, ટેલિફેક્સ : (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫
Email: swarsetu૧૨૩@gmail.com । મો. ૯૯૭૮૯૦૫૨૮૮


| એક વર્ષનું લવાજમ : | બે વર્ષનું લવાજમ : | ત્રણ વર્ષનું લવાજમ : |
|---|---|---|
| ₹૪૦૦ (૧૨ અંક) | ₹૭૫૦ (૨૪ અંક) | ₹૧૧૦૦(૩૬ અંક) |

**આટલી વિગત ભરી ઘરે મંગાવો સ્વરસેતુ**

હું.............................................................સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટના એક વર્ષ / બે વર્ષ / ત્રણ વર્ષ  લવાજમ પેટે ₹..........................મોકલી આપુ છું,

નામ :-.................................................................................................................................................

સરનામું :-..............................................................................................................................................

.......................................................................................................................................................

ટેલિફોન નંબર :-.........................................મોબાઈલ નંબર :-...................................ઈ-મેઈલ :-...............................................

ચેક/ડી.ડી નંબર :-.......................................બેંક :-...............................................................................તારીખ :-............................

લવાજમની રકમ રોકડથી, ચેક, બેંક ટ્રાન્સફર, Paytm, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી.
મનીઓર્ડર ચેક કે ડ્રાફ્ટ WONDER WAVES ENTERTAINMENT PVT. LTD.ના નામે લખવો.

સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટ મેગેઝીનનું લવાજમ તમે તમારા મિત્રો, સગા, સ્નેહીઓને ભેટ પણ કરી શકો છો, આ માટે અમને અલગથી સૂચના આપવી.





અમર ભટ્ટ

# સુરીલાં સંભારણાં: ક્ષેમુ દિવેટીઆ

જેની સાથે સૂરની સગાઈ હોય તેવી વ્યક્તિઓ રોજ યાદ આવે. તેમાંની એક તે ક્ષેમુ દિવેટીઆ(૧/૧૦/૧૯૨૪-૩૦/૭/૨૦૦૯). પ્રયોજિત સંગીતના પ્રણેતા, મારા માર્ગદર્શક-mentor. આ લખું છું ત્યારે રમેશ પારેખની ગઝલમાંનો આ પ્રશ્ન મને પણ થાય છે—

**શાહીમાંથી આમ કાં ઢોળાય છે તારાં સ્મરણ,**
**એક એને મારું મન ઓછું પડ્યું? કોને ખબર?**



અમર ભટ્ટ અને ક્ષેમુ દિવેટીઆ

અહીં કેટલીક મારી અંગત યાદો છે, કેટલીક એમના વ્યક્તિત્વ ને એમનાં સ્વરાંકનોની શૈલી વિશેની વાતો છે.

મૂળ નામ ક્ષેમેન્દ્ર, પણ સૌ વડીલો, મિત્રો અને પત્ની સુધાબેન માટે ક્ષેમુ અને અનુગામીઓ માટે ક્ષેમુભાઈ. નાનપણથી સંગીતનો શોખ. પંડિત ઓમકારનાથ ઠાકુર એમની હવેલી પર આવ્યા હતા ને કશુંક ગણગણ્યા હતા ત્યારે પાંચેક વર્ષના ક્ષેમુભાઈએ રાગ જયજયવન્તી ઓળખી બતાવેલો. શ્રી આઠવલે અને આગ્રા ઘરાણાના શ્રી હમીદ હુસેન ખાન પાસે એ શાસ્ત્રીય સંગીત શીખેલા. અમદાવાદમાં પ્રીતમનગરમાં 'રંગમંડળ'ની સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં ક્ષેમુભાઈ ભાગ લેતા. એમાં ગરબામાં રાસ માટે એક ભાઈ છેલ્લી મિનિટે ન આવી શક્યા એટલે ક્ષેમુભાઈને તૈયાર કરવામાં આવ્યા. એમના રાસનાં પાર્ટનર સુધા લાખિયા જે પછી જીવનનાં પાર્ટનર બન્યાં. એમની ને સુધાબેનની પ્રથમ મુલાકાતની વાત ક્ષેમુભાઈ માંડીને, બિછાવીને કરતા. એ જ 'રંગમંડળ'માં સંગીત આપનાર ભાઈની અન્ય વ્યસ્તતાઓને લીધે સંગીત આપવાનું ને સ્વરાંકનો કરવાનું કામ ક્ષેમુભાઈને સોંપવામાં આવ્યું અને ગુજરાતને એક અનોખો સ્વરકાર મળ્યો.

હું ૬-૭ વર્ષનો હોઈશ ત્યારે મારાં મમ્મી (ગરબા પ્રવૃત્તિને લીધે મમ્મી ક્ષેમુભાઈ-સુધાબેનને જાણતી હતી) પર ક્ષેમુભાઈનો ફોન આવ્યો કે આઈ.એન.ટી.ના નાટક 'સપનાંનાં વાવેતર'ના અમદાવાદના પ્રયોગોમાં એક બાળ કલાકારની જરૂર છે ને એમણે મારું નામ સૂચવ્યું છે. પ્રવિણ જોશી, સરિતા જોશી, સુરેશ રાજડા જેવાં કલાકારો સાથે કામ કરવાની તક ક્ષેમુભાઈએ આપી ને મને સ્ટૅજનો પ્રથમ પરિચય કરાવ્યો—અલબત્ત નાટકમાં, એક નાના રૉલમાં.

મારી બારેક વર્ષની ઉંમરે હું મમ્મી સાથે ઉસ્તાદ શરાફત હુસૈન ખાન સાહેબના સવારના કાર્યક્રમમાં ગયો હતો. ત્યાં ક્ષેમુભાઈ પણ હતા. મારી સાથે બેસીને ખાં સાહેબ 'મિયાં કી તોડી' રાગમાં ધમાર ગાઈ રહ્યા હતા ત્યારે આંગળીના વેઢાથી માત્રા ગણતાં શીખવાડી, 'સમ'—પ્રથમ માત્રા જ્યાંથી તાલનું ચક્ર શરૂ થાય—એનું મહત્ત્વ સમજાવ્યું. ક્ષેમુભાઈએ માત્રા ગણતાં શીખવાડ્યું ત્યારથી બે માત્રા વચ્ચે થતા સર્જનની ક્ષણ પકડવાનો પ્રયાસ કરતો આવ્યો છું. ૧૪/૧/૨૦૧૭ના દિવસે મેં નાનપણમાં ક્ષેમુભાઈ સાથે માણેલો એ કાર્યક્રમ અચાનક યુટ્યુબ પરથી મળ્યો ને પછી ભર શિયાળે આંખે ચોમાસું! https://youtu.be/6-ash1p3hnE

મમ્મીની ગરબાની સંસ્થા 'નૂપુરઝંકાર' માટે ક્ષેમુભાઈ દર વર્ષે કેટલાક અનોખા ગરબા સ્વરબદ્ધ કરી આપે. એમને ત્યાં નવા ગરબાનાં સ્વરાંકન સાંભળવા અમે ગયેલાં ત્યારે એમના કહેવાથી મેં બે-ત્રણ ગીતો સંભળાવેલા. ક્ષેમુભાઈએ

ત્યારથી મને એમની પાંખમાં લીધો. કવિ માધવ રામાનુજે લખેલા એક ગરબાનો એક અંતરો મારી પાસે એમણે ગવડાવ્યો ને એ રીતે માઈક્રોફોન પર ગાવાની મારી શરૂઆત થઈ. એ પછી ૧૯૮૪માં, એમના 'સંગીતસુધા' સંપુટ માટે મારી પાસે એમનું 'આજ રિસાઈ અકારણ રાધા' ગીત ધ્વનિમુદ્રિત કરાવ્યું http://tahuko.com/?p=2453ને એ રીતે રેકોર્ડિંગનો પ્રથમ અનુભવ પણ ક્ષેમુભાઈએ કરાવ્યો. એમનું એક ગીત 'ચાલ સખી પાંદડીમાં ઝાકળનાં ટીપાંની જેમ ફરી જિંદગીને મૂકીએ' (કવિ ધ્રુવ ભટ્ટ) સૌપ્રથમવાર મારી પાસે ગવડાવીને મને મોટો બનાવ્યો. સાધારણ રીતે સ્થાયી/મુખડું મધ્ય સપ્તકમાં હોય અને અંતરા તાર સપ્તકમાં પણ ક્ષેમુભાઈના રાગ ચારુકેશી આધારિત આ સ્વરાંકનની વિશેષતા એ છે કે સ્થાયી અને અંતરા બંનેની પ્રથમ પંક્તિ તાર સપ્તકમાં છે. 'ચાલ સખી' એ શબ્દોમાં સ્વરાંકનમાં પણ આહ્‌વાન, નિમંત્રણ સાંભળી શકાશે. ગીતની લોકપ્રિયતાને લીધે મારી બહેન કહેતી હતી કે તારું નામ અમર ભટ્ટ નહીં પણ 'ચાલ સખી' ભટ્ટ રાખવું જોઈએ. http://tahuko.com/?p=650



સુધા દિવેટીઆ અને ક્ષેમુ દિવેટીઆ

'શ્રુતિ' સંસ્થાના કાવ્યગાનના કાર્યક્રમો અને આઈ.એન.ટી.નાં નાટકો થકી ક્ષેમુભાઈનાં સ્વરાંકનો ભાવકોનાં મનમાં વહેતાં ને હૃદયમાં રહેતાં થયાં. કેટલાં ગીતો યાદ કરું? 'સપ્તપદી' નાટકમાં ક્ષેમુભાઈ-સુધાબેનના યુગલ અવાજમાં બાલમુકુન્દ દવેનું પ્રણયગીત 'કેવા રે મળેલા મનના મેળ' (જે શ્રવણમાધુરી રેકોર્ડમાં અને 'કાશીનો દીકરો' ફિલ્મમાં હર્ષદા અને જનાર્દન રાવલના અવાજમાં છે https://youtu.be/pUmLwgC_baM, રાસભાઈના અવાજમાં 'આજ મૈં તો મધરાતે સાંભળ્યો મોર' https://youtu.be/vqOGn_K-3aE, 'રાધાનું નામ', 'નજરુંના કાંટાની ભૂલ'...

'રાધાનું નામ તમે વાંસળીના સૂર માંહી વહેતું ન મેલો ઘનશ્યામ' (કવિ: સુરેશ દલાલ, ગાન: હંસા દવે) એ ગીતથી ક્ષેમુભાઈ છવાઈ ગયા. https://youtu.be/4yyKXOq6Kgw

આ ગીતમાં અંતરા પહેલાં જ્યારે સ્થાયીની આ પંક્તિ ગવાય છે ત્યારે ક્ષેમુભાઈએ ખૂબ સૂચક રીતે 'તમે વાંસળીના સૂર માંહી' શબ્દો નથી લીધા ને એ રીતે ગીતના અર્થઘટનનું એક પાસું આપ્યું છે—'રાધાનું નામ... વહેતું ન મેલો ઘનશ્યામ'. 'મારા મોહનની પંચાત' એ શબ્દોમાં આપણે તાલમાં ગાવા માટે 'પંચા...ત' એમ ગાઈએ છીએ; પણ ક્ષેમુભાઈ 'પંચાત' જેવો સહેજ contemptuously બોલાતો શબ્દ લંબાવ્યા વગર એક સાથે ગાત ને તાલ 'પંચાત'ના 'ત' પર બંધ કરી સહેજ પૉઝ લઈ ખૂબ નજાકતથી પછીની પંક્તિ ગાતાં—

**વળી વળી નીરખે છે કુંજગલી પૂછે છે**
**કેમ અલી, ક્યાં ગઈ'તી આમ?**

કવિશ્રી રાજેન્દ્ર શાહ ને પિનાકિન ઠાકોરનું સહિયારું ગીત છે—

'હરિ જેમ રાખે તેમ અનુકૂળ રહીએ'. ક્ષેમુભાઈએ સ્થાયી પૂરી થાય ત્યારે 'અનુકૂળ' શબ્દ નહિ લઈને પણ અર્થ ન બદલાય એ રીતે સ્વરાંકન કરીને રૂપક/દીપચંદી તાલ સાચવ્યો છે ને શબ્દો આમ લીધા છે—'હરિ જેમ રાખે તેમ રહીએ'. https://youtu.be/z0vXy2cJfEQ

૧૮૯૮માં શ્રી નરસિંહરાવ દિવેટીઆએ 'કવિતા અને સંગીત' એ વિષય પર નિર્દેશન-વ્યાખ્યાન (Lecture-demonstration) આપેલું જે એમના 'કવિતા વિચાર' પુસ્તકમાં છપાયું છે. તેમણે કહેલું કે આપણા સંગીતના બે ભાગ કહી શકાય—એક તે pure music—અલિપ્ત સંગીત—જે સ્વરપ્રધાન સંગીત છે અને બીજો applied music—પ્રયોજિત સંગીત—જે કવિતાના અર્થની નિષ્પત્તિમાં સાધનરૂપ બને છે. તેમના મતે જેમ pure physics અને applied physics છે તેમ pure music અને applied music. પ્રયોજિત સંગીતમાં કવિતાનું સંગીત દ્વારા અર્થઘટન છે. એમાં બે કલાનું સંયોજન છે—કાવ્યકલા ને સંગીતકલા. એટલે ભાવકને મળતો આનંદ બેવડાય છે. ક્ષેમુભાઈનાં સ્વરનિયોજનો એ પ્રયોજિત સંગીતનાં શ્રેષ્ઠ ઉદાહરણો છે. જોગ, સારંગ જેવા જાણીતા રાગો તો એમણે ઉપયોગમાં લીધા જ પણ કેટલાક અછોપ (ઓછા જાણીતા) રાગો આપણી કવિતાના સંગીતિક અર્થઘટનમાં પ્રયોજ્યા—



'કાશીનો દીકરો'ના રેકોર્ડિંગ સમયે ક્ષેમુ દિવેટીઆ સાથે જનાર્દન રાવલ, હર્ષદા રાવલ, કાન્તિ મડિયા, વિભા દેસાઈ અને રાસબિહારી દેસાઈ

૧. તેં પૂછ્યો પ્રેમનો મર્મ ને હું દઈ બેઠી આલિંગન (કવિ: હરીન્દ્ર દવે, રાગ: ગૂંજી કાનડા-માલગુંજી અને દરબારીનું મિશ્રણ) http://tahuko.com/?p=1217

૨. દરિયામાં હોય તેને મોતી કહેવાય છે (કવિ: રમેશ પારેખ, રાગ: હેમંત-હિંડોળ) http://tahuko.com/?p=3631

૩. સોળ વરસની અજાણ ઉંમર ને સાવ અજાણી કેડી (કવિ: સુરેશ દલાલ, રાગ: મુક્તેશ્વરી—બાગેશ્રી અને એના સ્વર 'મ'ને 'સા' કરીને ત્યાંથી જોગ)

૪. રાધે સંગ ઝૂલત શ્યામ હિંડોરે (કવિ: બ્રહ્માનંદ સ્વામી, રાગ: તિલકશ્યામ—તિલકકામોદ અને શ્યામ કલ્યાણનું મિશ્રણ)

એમના ખૂબ જાણીતા ગીત 'આજ મેં તો મધરાતે સાંભળ્યો મોર'માં રાગ ચન્દ્રકૌંસ છે તે તો ખરું, પણ એમાં સ્વર 'રે' (શુદ્ધ રિષભ) પણ એમણે સૂઝપૂર્વક પ્રયોજ્યો છે, જે સાધારણ રીતે ચન્દ્રકૌંસમાં વર્જ્ય છે. ક્ષેમુભાઈ શાસ્ત્રીય સંગીતમાં ઊંડો રસ લેતા અને એટલે એમને જાણ હતી કે કેટલાંક ઘરાણામાં ગવાતા ચન્દ્રકૌંસમાં વિવાદી સ્વર તરીકે શુદ્ધ રિષભનો પ્રયોગ થાય છે. મારું ખૂબ પ્રિય સ્વરનિયોજન તે કવિ નિનુ મઝુમદારનું 'સાવ રે અધૂરું મારું આયખું'. ક્ષેમુભાઈએ 'હે જી વહાલા' શબ્દો ઉમેરીને, સ્વરકારનું સ્વાતંત્ર્ય વાપરીને, રાગ જનસંમોહિનીમાં અદ્‌ભુત સ્વરાંકન આપ્યું છે. હું એને સુગમસંગીતનો ખયાલ કહું છું—રૂપક તાલમાં, ઠંડી લયમાં આ રચના ગાયક ઊપજ અંગથી ગાઈ શકે છે માટે. સુગમ સંગીત ગાવા ઇચ્છતા કોઈ પણ ગાયક માટે આ સ્વરરચના રિયાઝની સ્વરરચના છે. કોઈ પણ નવોદિત કવિ માટે ઉમાશંકર જોશીના 'સમગ્ર કવિતા' અને નિરંજન ભગતના 'છંદોલય' સંગ્રહમાંથી પસાર થવું આવશ્યક છે તેમ કોઈ પણ નવોદિત ગાયક માટે ઊપજ અંગ વિકસાવવા આ રચનાનો રિયાઝ કરવો જરૂરી છે એમ હું માનું છું.

'નજરુંના કાંટાની ભૂલ'માં પ્રથમ અંતરામાં મંદાક્રાંતા છંદનો ઢાળ એમણે લીધો છે. http://tahuko.com/?p=1347 (ગાન: વિભા દેસાઈ)

**રાતનો અંધાર મને લાગે છે ઉજળો,**<br>
**તારે તે સંગ ઊને પ્હોર જાણે પીપળો.**

આ પંક્તિનું સ્વરાંકન તરત કલાપીના મંદાક્રાંતા છંદમાં લખાયેલ કાવ્ય 'તે પંખીની ઉપર પથરો ફેંકતા ફેંકી દીધો'નો ઢાળ યાદ કરાવશે. શાસ્ત્રીય ઉપરાંત લોક સંગીતનો ઉપયોગ પણ એ સ્વરનિયોજન માટે કરતા. પ્રિયકાન્ત મણિયારનું ગીત 'લીલો રે રંગ્યો રે જેણે પોપટો' રાજસ્થાની લોકગીત 'ઊંચી નેંચી સરોવરની પાળ'માંથી પ્રેરણા લઈને એમણે કર્યું છે. 'દાડમડીનાં ફૂલ રાતાં ઝૂલણ લ્યો વણઝારી'ના સ્વરાંકન પર હું એટલો મુગ્ધ છું કે ટર્કી ને સ્પેઇનના પ્રવાસ દરમિયાન દાડમડીનાં ઝાડ પર ઝાડ જોઈને આખે રસ્તે હું એ ગરબો ગણગણતો હતો—http://tahuko.com/?p=2839. લોકસંગીતના ગાયક હેમુ ગઢવી પાસે લોકસંગીતની બારીકીઓ સમજવા ક્ષેમુભાઈ કલાકો બેસતા. પુરુષોત્તમ ઉપાધ્યાય સ્ટેજ પરથી કહેતા કે 'લોકસંગીતમાં હેમુ ને સુગમસંગીતમાં ક્ષેમુ'. કવિ લાભશંકર ઠાકર અને ઉશનસ્‌ની અછાંદસ રચનાઓ એમણે સંગીતમાં ઢાળી—'અવાજ' જે ક્ષેમુભાઈએ પોતે ગાયેલી અને 'નિશીથ શ્રુતિએ' જે શ્રુતિવૃંદે સમૂહગાન તરીકે રજૂ કરેલી. કવિ રમેશ પારેખ, બાલમુકુન્દ દવે, રાવજી પટેલ, માધવ રામાનુજનાં ગીતોનાં સ્વરનિયોજનો ફિલ્મ 'કાશીનો દીકરો'માં લેવાયેલાં એ તો જાણીતી વાત છે. ગુણવત્તા સાથે સમાધાન કર્યા વગર, લોકોમાં એ ઝિલાશે કે નહીં એની પરવા કે ચિંતા કર્યા વગર આપણી કવિતા સંગીત થકી એમણે વહેતી મૂકી. શાસ્ત્રીય સંગીત માટેનો એમનો આદર એમણે એમના આ સ્વરાંકનમાં વ્યક્ત કર્યો છે—લાલજી કાનપરિયાનું ગીત છે—

**ઝનનન ઝાંઝર બોલે રે**
**ભેદ ભીતરના ખોલે રે.**

http://tahuko.com/?p=14638

સ્થાયીમાં પ્રથમ પંક્તિ ઉસ્તાદ ફૈયાઝ ખાંસાહેબને યાદ કરીને રાગ છાયાનટની સુખ્યાત બંદિશ 'ઝનન ઝનન ઝનન ઝનનન નનનન બાજે બિછુઆ'નો રાગ લીધો છે. પ્રથમ અંતરાની પ્રથમ પંક્તિ સૂરશ્રી કેસરબાઈ કેરકરને યાદ કરીને એમણે ગાયેલા રાગ નટકામોદની બંદિશ 'નેવર બાજો રે' જેવી રાખીને અંતરો પોતાની રીતે પૂરો કર્યો છે. બીજા અંતરાની પ્રથમ પંક્તિ પંડિત ઓમકારનાથજીના રાગ નીલાંબરી પર ને છેલ્લા અંતરાની પ્રથમ પંક્તિ પંડિત રવિશંકરના રાગ પરમેશ્વરી પર આધારિત રાખીને કરેલું આ સ્વરાંકન શાસ્ત્રીય સંગીતને સુગમ સંગીતની અંજલિ રૂપે છે.

૧૯૬૭-૬૮માં પ્રવીણ જોશી અને પુરુષોત્તમ ઉપાધ્યાયે એમનાં સ્વરાંકનોનો કાર્યક્રમ મુંબઈમાં યોજેલો એમાં દરેક ગીતને 'વન્સમૉર' મળેલો. ગાયકોમાં પુરુષોત્તમ ઉપાધ્યાય, રાસબિહારી દેસાઈ, વિભાબેન, કૌમુદી મુનશી તો ખરાં જ પણ કે. મહાવીર પણ હતા જેમણે 'સાવ રે અધૂરું મારું આયખું' ગાયેલું (કે. મહાવીરનું સ્વરબદ્ધ કરેલું લતા મંગેશકરે ગાયેલું બિનફિલ્મી ગીત 'સાંજ ભયી ઘર આ જા રે પિયા' ભાવકોના સ્મરણપટ પર હશે જ) અને જગજિત સિંહ પણ હતા જેમણે 'મૈંયા મારો મનવો હુઓ બૈરાગી' રજૂ કરેલું. કહે છે કે જગજિતજી એમના શરૂઆતના દિવસોમાં અમદાવાદ કાર્યક્રમ માટે આવતા ત્યારે 'દિવેટીઆ સા'બ'નું હાર્મોનિયમ કાર્યક્રમમાં વગાડતા.

એમનાં સ્વરનિયોજનોમાં સંશોધન, ચિંતન, પ્રયોગ ને પરંપરાનો સમન્વય સાંભળવા મળે છે ને સાથે સ્વરકાર કૈંક રહસ્યમય, આનંદમય શોધી રહ્યો છે એ પ્રક્રિયા પણ અનુભવી શકાય છે. એમનાં સ્વરાંકનોમાં દરેક કલાકારને પોતપોતાના રંગ પૂરવાની મોકળાશ મળે છે ને એટલે એનાં એ ગીતો જેટલી વાર સાંભળીએ એટલી વાર એટલાં જ તાજાં લાગે છે. જો કે એ માનતા કે કાવ્યસંગીતનું સ્વરૂપ પાશ્ચાત્ય સંગીતમાં જેને 'ચેમ્બર મ્યુઝિક' કહે છે તેવું છે, જેને માણનારો વર્ગ બહોળો ન હોય અને જેને માણવા

માટે શ્રોતાપક્ષે પણ શ્રવણનો રિયાઝ કર્યો હોવો જોઈએ. મરીઝસાહેબે પોતાની ગઝલ માટે જે કહેલું તેવું ક્ષેમુભાઈ પોતાનાં ગીતો વિશે માનતા—

**ફક્ત હું એમના માટે ગઝલ લખું છું 'મરીઝ',**
**આ ચાર પાંચ જે મારો કમાલ સમજે છે.**



પ્રવીણ જોશી અને સરિતા જોશી સાથે ક્ષેમુ દિવેટીઆ

૧૯૮૯માં એમને ગુજરાત ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવેલા ત્યારે અમે સૌએ એમનાં ગીતોનો કાર્યક્રમ યોજેલો. ક્ષેમુભાઈએ ગળગળા અવાજે સૌનો આભાર માનતા મરીઝસાહેબને યાદ કરેલા—

**દુનિયામાં કૈંકનો હું કરજદાર છું 'મરીઝ',**
**ચૂકવું બધાનું દેણ જો અલ્લાહ ઉધાર દે.**

એ પોતાના પુરોગામીઓ અને સમકાલીનોનો આદર કરતા ને નવોદિતોને આવકારતા. 'Respect the roots and welcome the leaves'ની એમની ફિલસૂફી મને અત્યંત સ્પર્શી ગઈ છે. એમનું ઘર એટલે સૌ કલાકારો માટેનું આશ્રયસ્થાન. કવિ શેખાદમ આબુવાલા એમના ઘરને 'આઠમો સૂર' કહેતા. જેટલું સાતત્ય સ્વરાંકનમાં તેટલું જ સાતત્ય એ સંગીત શ્રવણમાં દાખવતા. કોઈ પ્રશ્ન પૂછે કે તમારો પ્રિય ગાયક કોણ તો એના જવાબમાં એ કહેતા કે જે દિવસે જે ગાયક પ્રાણ રેડીને ગાય તે મારો પ્રિય ગાયક. એ એવું પણ માનતા કે કલાના તત્ત્વનું બલિદાન આપ્યા વગર રજૂઆત કરવી તે કલાકારનું ફરજ છે ને કલાકારે કલાના તત્ત્વનું બલિદાન ન આપવું પડે તે જોવાની શ્રોતાની ફરજ છે. ચંદ્રકાન્ત શેઠનું ગીત છે:

**અંદર જ્યારે સડ્યાં મૂળિયાં કેમ ઊગશે પાન?**
**ભીતર જ્યારે શ્વાસ રુદ્ધ હો કેમ ગવાશે ગાન?**
**અસલી ટહુકો કોણ પકડશે? નથી કોઈને કાન?**

ક્ષેમુભાઈ પણ આ પ્રશ્ન હતો 'અસલી ટહુકો કોણ પકડશે?'

ઉમાશંકર જોશીના આ ગીતના શબ્દો ક્ષેમુભાઈના મનનો વિચાર રજૂ કરે છે.

**ગીત મારાં કોણ ગાશે? કોણ ગાશે?**
**કાલાંઘેલાં મારાં, લાજે લચેલાં,**
**અધબીડ્યાં અણઊઘડેલાં,**
**અંગોઅંગ હૈયાના હીરથી ઘડેલાં...**
**ગીત મારાં કોણ ગાશે?**

**એકાન્તે આતમની આરતી ઉતારતાં**
**કોડે નૈવેદ્યમાં ધરેલાં,**
**વહેંચ્યાં સૌને એ આતમ ધરવેલાં...**
**ગીત મારાં કોણ ગાશે?**

ક્ષેમુભાઈનાં ૧૦૧ સ્વરાંકનોનો સંચય 'સંગીતસુધા' સૌ કાવ્યસંગીતપ્રેમીઓ માટે કર્ણામૃત છે. એમાં આપણી કવિતાને સંગીતમાં ઝીલવાનો પ્રામાણિક ને સંતર્પક પ્રયાસ દેખાશે. ક્ષેમુભાઈ ટાગોરના આ શબ્દો બોલી રહ્યા છે એવો આભાસ પણ મને ઘણી વાર થયો છે.

This song of mine will wind its music around you, my child, like the fond arms of love.

This song of mine will touch your forehead like a kiss of blessing.

When you are alone it will sit by your side and whisper in your ear, when you are in the crowd it will fence you about with aloofness.

My song will be like a pair of wings to your dreams, it will transport your heart to the verge of the unknown.

It will be like the faithful star overhead when dark night is over your road.

My song will sit in the pupils of your eyes, and will carry your sight into the heart of things.

And when my voice is silent in death, my song will speak in your living heart.



'સંગીત સુધા' સીડીના રેકોર્ડીંગ પ્રસંગે ક્ષેમુ દિવેટીઆ, પુરૂષોત્તમ ઉપાધ્યાય, ભૂપીન્દરસીંગ, આશિત દેસાઈ અને રાસબિહારી દેસાઈ

ક્ષેમુભાઈ પોતાના સ્વરકાર તરીકેના હક્કો માટે જાગૃત હતા. ૧૯૯૯-૨૦૦૦માં આકાશવાણી દ્વારા એક યોજના કરાઈ જે મુજબ આકાશવાણી સ્વરકારોનાં ધ્વનિમુદ્રિત ગીતો પસંદ કરે, એક ગીતના રૂ. ૫૦૦/- પ્રમાણે પુરસ્કાર ચૂકવે અને એ ગીતો આકાશવાણી પરથી વગાડવામાં આવે. કરાર થયો હોવા છતાં ન તો પુરસ્કાર ચૂકવાયો કે ન એ ગીત વગાડવામાં આવ્યાં. ક્ષેમુભાઈ અને એમના કહેવાથી રાસભાઈએ મારી વકીલ તરીકે સલાહ માંગી અમે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી જેમાં કોર્ટ સમક્ષ આકાશવાણીએ પુરસ્કાર ચૂકવવા ને ગીતો વગાડવા કબૂલ્યું. આમ, ક્ષેમુભાઈ મારા અસીલ પણ ખરા. ગાયકે કવિ અને સ્વરકારનું નામ કહેવું જ જોઈએ એવો એમનો વ્યાજબી આગ્રહ રહેતો. રેડિયો પરથી પણ કવિ કે સ્વરકારનું નામ ન બોલાય કે ખોટું બોલાય તો તરત ફોન કરીને અધિકારીઓને ખખડાવતા.

મારી બેનનાં લગ્ન નિમિત્તે અમે સંગીતની બેઠક યોજેલી. ક્ષેમુભાઈના નજીકના સગાનું અવસાન થયું હતું. મને કહે કે હું લગ્નમાં નહીં આવી શકું પણ સંગીતમાં આવીશ કારણ કે સંગીતને શોક નડતો નથી.

એક આડવાત—ક્રિકેટના શોખીન ક્ષેમુભાઈએ કૉલેજ કાળમાં ગુજરાત કૉલેજ તરફથી ઓપનીંગ બૅટિંગ કરેલી. અમદાવાદમાં રમાતી ક્રિકેટ મૅચોમાં રેડિયો પરથી ગુજરાતીમાં રનીંગ કૉમેન્ટ્રી પણ આપેલી.

નખશિખ સંગીતનો જીવ એવા ક્ષેમુભાઈની સ્મૃતિ અકબંધ રાખવા આપણે ઓછામાં ઓછું આટલું કરી શકીએ?

એમને પ્રિય એવી કાવ્યસંગીતની બેઠકો/મહેફિલો વધારે યોજાય. શ્રોતા-કલાકાર વચ્ચે સંવાદ થઈ શકે તેવી કાર્યશિબિરો થઈ શકે જેમાં કાવ્યસંગીતની aesthetics—એનાં સૌંદર્ય-સ્થાનો ચર્ચી શકાય.

ક્ષેમુભાઈનાં એવાં ઓછાં જાણીતાં સ્વરાંકનો, જે એમને પ્રિય હતાં,—ખાસ કરીને એમની રૂપક તાલમાં નિબદ્ધ રચનાઓ—તેના કાર્યક્રમો યોજાય. અંગ્રેજ કવિ કીટ્સે કહ્યું છે તેમ Heard melodies are sweet but those unheard are sweeter!

આજે ક્ષેમુભાઈને યાદ કરતાં કવિ ન્હાનાલાલે પોતાના પિતા દલપતરામ પર અનુષ્ટુપ છંદમાં લખેલા કાવ્ય 'પિતૃતર્પણ'ની એક પંક્તિ કહેવી છે—

**હું ય તે લઈ આ વીણા, સ્મરું છું ગુણ આપના,**
**પુણ્યશ્લોક પિતા! મંત્રો જપું છું પિતૃજાપના.**

**(નોંધ: ૧. વિશ્વકોશમાં ૭/૧૦/૨૦૦૯ના રોજ ક્ષેમુ દિવેટીઆના પ્રદાન વિશે આપેલ વ્યાખ્યાન પર આધારિત. ૨. 'નવનીત સમર્પણ' જુલાઈ ૨૦૧૨માં છપાયેલ લેખમાં ઉમેરણ કરીને આ લેખ તૈયાર કર્યો છે.)**

# મારા વરને શું કહેશો?



પટેલની પત્ની કહેવાય પટલાણી, અને દાક્તરની દાક્તરાણી, અને વકીલની વકીલાણી. પરંતુ આપણા પતિ 'કાંઈક' હોય તો આપણે પણ કાંઈક કહેવાઈએ ને! નર્યા કારકૂનની પત્નીને વળી લોકો શું કહે? પણ મારા કારકૂન પતિ જ્યારથી થોડું ઘણું લખવા માંડ્યા, ત્યારથી મેં પણ જાતને વટથી લેખકાણી કહેવડાવવા માંડી.

પણ જો જો હં, વાત બહાર જાય નહીં! તમને ખાનગીમાં કહું, સરેરાશ પાંચ ટકાની માંડ આવતી હશે. વીસ લેખ લખીને મોકલે તેમાંથી એક છપાય અને બીજા લીલા તોરણે પાછા! બંને બાજુનું પોસ્ટેજ આપણા માથે. પણ એ એક લેખના નાતે એ લેખક તો કહેવાતા થયા!

કમર કસીને તેઓ બરાબર કામે લાગી ગયા હતા. મોટા લેખક કેમ થવાય તેનો એમણે અભ્યાસ શરૂ કર્યો. સિદ્ધહસ્ત લેખકો કેવી રીતે મોટા બન્યા તે જાણવા માંડ્યું. સ્વર્ગસ્થ લેખકોનાં ચરિત્રો વાંચ્યાં અને જીવંતોની મુલાકાતો લેવા માંડી.

એક લેખક કહે, હું પરોઢિયે ચાર વાગે ઊઠીને લખું છું. દેવ સામે દીવો કરી, ધૂપસળી પેટાવી લખવા બેસી જાઉં છું. ઊર્ધ્વગામી ધૂમ્રસેર મને પ્રેરણા આપતી રહે છે.

બીજા કહે, મધ્ય રાત્રિની નીરવ શાંતિમાં મને લેખનની પ્રેરણા મળે છે.

ત્રીજા મહાશયને સમયનું કોઈ બંધન નહીં. મનમાં વીજળી ચમકે ને લખવા બેસી જાય.

લખતી વખતે કોઈને સિગારેટ જોઈએ, તો કોઈને છીંકણી, તો વળી કોઈને દારૂ!

કેટલાક લેખક એક-એક કથા માટે બબ્બે વરસ વિચાર

કરતાં રહે તો કેટલાકને વિચારવામાં બે મિનિટ પણ લાગે. લખવા બેસે અને સડસડાટ લખી નાખે.

આમ જાતજાતના અનુભવ જાણવા મળ્યા. પણ એમ બીજાના અનુભવ જાણીને લેખક થઈ જવાતું હોત, તો બીજું શું જોઈતું હતું? વળી કોઈના પેંગડામાં આપણો જાય નહીં! લેખકનું વાચન વિશાળ હોવું જોઈએ. પણ બે વરસથી એક નવી સાડી હું ખરીદી શકી નહોતી. દૂધ ઓછું કરી નાખીએ અને શાકભાજી લાવવાનું છોડી દઈએ ત્યાં સુધી વાત પહોંચી! મેં એક વાર જરીક કહ્યું કે આ લેખક થવાના અભરખા છોડો. મેં મન મનાવ્યું કે બીજાને જાતજાતના વ્યસનો નથી હોતાં! તો આમને છે, લેખકનું વ્યસન. દારૂ-ગાંજા જેવું ઉપદ્રવી તો નથી.

એ તો પોતાનાં સપનામાં જ રાચતા રહેતા. 'જોજો ને! આજ નહીં તો કાલ હું મોટો લેખક થઈશ. પછી મારા એક લેખના બસો મળશે અને મારી એકાદ વાર્તા જો સિનેમામાં લેવાશે તો તો અધધધ...!

> તો, આજે હવે હું માત્ર લેખકાણી નથી રહી, સાચ્ચેસાચ સ્વયં લેખિકા બની ગઈ છું. પણ સવાલ એ ઊભો થાય છે કે પ્રસિદ્ધ લેખિકાના વરને શું કહેવું? પતિ નહીં પત્ની 'કંઈક' થાય, ત્યારે પતિ કયા નામે ઓળખાય?

પરંતુ સપનાંથી કાંઈ પેટ થોડું ભરાય છે? મેં નક્કી કર્યું કે મારે જ કાંઈક કરવું પડશે. ક્યાંક નોકરી લઉં. વીસ વરસ પહેલાનાં પીળાં પડી ગયેલાં મારાં સર્ટિફિકેટો કાઢ્યાં. પણ હું માત્ર મેટ્રિક, તેમાં નોકરી ક્યાંથી મળે? ટાઈપિંગનું એ સર્ટિફિકેટ હતું. ૫૦ અક્ષરની સ્પીડ, પણ આજે હવે મને એક અક્ષર શોધતાં એક-એક મિનિટ લાગી જાય.

એટલે થયું, નોકરીનું આપણું કામ નહીં પણ પાપડ, વડી, ચકરી, ચેવડો થઈ શકે ને! કરવા માંડ્યું. અને એ તો ચાલ્યું. મને હિંમત આવી ગઈ. મનમાં થયું, જાહેરાત આપી હોય તો ઘેર-ઘેર ફરવું ન પડે. અમારા ઈને કહ્યું કે, 'એક મસ્ત જાહેરાત લખી દો ને!'

પણ એ તો ઊકળ્યા: 'તને શું લાગે છે? હું કાંઈ ફાલતું લેખક છું? હું જાહેરાત લખું? તેં મારી લેખન-સાધનાની આટલી જ કિંમત કરી?

મેં એમનું અડધો કલાકનું લેક્ચર મૂંગા મોઢે સાંભળી લીધું. જો કે તોય મને જરીકે પ્રકાશ ન પડ્યો કે જાહેરાત લખવામાં નાનમ શી? છેવટે મેં જ લખી નાખી. 'સ્ત્રી' માસિકમાં છપાવી. જાહેરાતના લખાણનાંય બહુ વખાણ થયાં અને જાહેરાતની વાનગીઓ તો એટલી બધી ઊપડવા લાગી કે હું પહોંચી નહોતી વળતી.

'સ્ત્રી'ની સંપાદિકાએ મારી પાસે કૉલમ શરૂ કરાવી— 'પાકસિદ્ધિ'. એક એક વાનગી બનાવવાની રીત હું લખતી ગઈ. તેનું પુસ્તક છપાયું. પછી કહે, 'તમારા અનુભવો લખો!' આ કામ કરતાં જે જાતજાતના અનુભવો થયા, તે મેં મારી સાદી સીધી ભાષામાં લખવા માંડ્યા. મારી ઘરગથ્થુ શૈલી બહુ જ લોકપ્રિય થઈ તેનુંયે પુસ્તક છપાયું.

તો, આજે હવે હું માત્ર લેખકાણી નથી રહી, સાચ્ચેસાચ સ્વયં લેખિકા બની ગઈ છું. પણ સવાલ એ ઊભો થાય છે કે પ્રસિદ્ધ લેખિકાના વરને શું કહેવું? પતિ નહીં પત્ની 'કંઈક' થાય, ત્યારે પતિ કયા નામે ઓળખાય?

**(શ્રી શાંતિ બોરગાંવકરની મરાઠી વાર્તાને આધારે,**
**રૂપાંતર: હરિશ્ચન્દ્ર,**
**પુસ્તક: 'વીણેલાં ફૂલ'માંથી,**
**સાભાર: યજ્ઞ પ્રકાશન)**

વિશ્વા રાવલ

# દિવાળીની ચોરી



રાતના લગભગ બે વાગ્યા હશે. વાતાવરણમાં નીરવ શાંતિ હતી. દૂર કોઈ કૂતરાંનો ભસવાનો અવાજ આવતો હતો. એક આકાર એક મકાનનો દરવાજો તોડી રહ્યો હતો. આમ તો એ મકાન ઘણા સમયથી બંધ હતું. પણ ખબર નહીં કેમ આ માણસને આ ઘરમાં જવાની ઈચ્છા થઈ હશે? થોડી મહેનત બાદ તે થોડો વાંકોચૂકો થઈને મકાનની અંદર પહોંચી ગયો. તેણે ખિસ્સામાંથી દીવાસળીની પેટી કાઢી અને પેટાવી. તેના મુખ પર થોડો પ્રકાશ ફેલાયો. દેખાવમાં તો કોઈ ચોર જેવો લાગતો ન હતો. પણ એવું કઈ કોઈના મોઢા પર થોડું જ લખાયેલું હોય છે? તેણે હવે ઘરને જોવાનું શરૂ કર્યું. કમાનાકાર છત પર સોનેરી કામમાં મીનાકારીથી અદ્‌ભૂત આકૃતિઓ બનાવી હતી. તેણે દીવાસળી નીચી કરી અને દીવાલ પર લગાવેલા સુંદર તૈલચિત્રો નજરે પડ્યા. તે થોડો આગળ વધ્યો અને અચાનક આંગળીમાં ગરમ લાગ્યું. દીવાસળી એક ઝટકા સાથે છુટી ગઈ. રૂમમાં અંધારું છવાઈ ગયું. તેણે વિચાર્યું, "જો આમ જ બધું જોયા કરીશ તો સવાર પડી જશે." પત્નીના શબ્દો કાનમાં ગુંજવા લાગ્યા, જો બે દિવસમાં દીકરીની ફીની વ્યવસ્થા નથી કરીને તો..." તેણે ફરી દીવાસળી સળગાવી. ઝાંખા પ્રકાશમાં તેના ઝળઝળિયાં ચમકતા હતા. છેલ્લા પંદર વરસથી આ ઘર બંધ હતું. પણ બંધિયાર ઘર જેવું લાગતું ન હતું. જાણે કોઈ વખતોવખત તેની માવજત ન કરતું હોય? તે બાજુની રૂમમાં સરક્યો. આઠ માણસો બેસી શકે તેવું ટેબલ, ઉપર રંગબેરંગી બાટલીઓ કાપીને બનાવેલું ઝુમ્મર અને એની ઉપર મીનીએચર બનાવેલી સીલીંગ. "અદ્‌ભુત, અદ્‌ભુત." તેના મુખમાંથી સરી પડ્યું. તેણે બાજુનો દરવાજો ખોલ્યો.

તે સંડાસ હતું. દીવાસળી પતી ગઈ હતી. દરવાજો બંધ કરીને તેણે નવી દીવાસળી પેટાવી. ડાબી બાજુનો દરવાજો ખોલ્યો. સામે જ ટેબલ પર સ્ટેન્ડમાં મીણબત્તી દેખાઈ. તેણે ફરી માચીસ પર દીવાસળી ઘસી અને મીણબત્તી સળગાવી. અચાનક ઓરડો પ્રકાશથી ભરાઈ ગયો. સફેદ અને આછા જાંબલી રંગની દીવાલો. સામે મોટું ચિત્ર અને બાજુમાં નાના નાના ફોટા. તે નજીક ગયો. કોઈ નાની બાળકીના ફોટા હતા. બાજુમાં ટેબલ પર ઢીંગલીઓ ગોઠવેલી હતી. તેને વિચાર આવ્યો. "એક લઈ લઉં? દીકરીને દિવાળીની ભેટ આપી દેવાશે." પછી માથું ધૂણાવીને તેણે ટેબલનું ડ્રોવર ખોલ્યું. જમણી બાજુ ખૂણામાં એક નાની ડબ્બી નજરે ચડી. સરસ કોતરકામવાળી ચાંદીની ડબ્બી. એની અંદરથી ઝાંઝરી નીકળી. તેણે થોડીવાર સુધી એની ઘૂઘરીઓ રણકાવ્યા કરી. પછી અચાનક જાણે યાદ આવ્યું હોય કે તે ચોરી કરવા આવ્યો છે. તેણે મુઠી વાળી દીધી. "આ લઈ જાઉં? જેની હશે એને તો હવે ક્યાં જરૂર પડવાની છે? મારી દીકરી રાજી થશે." પાછું કૈંક વિચારીને એણે ઝાંઝરીને ડબ્બીમાં મૂકીને પાછી રાખી દીધી. તેની નજર બાજુમાં પડેલી ડાયરી પર પડી.

"હું નથી ઈચ્છતી કે મારા માબાપ છૂટાછેડા લઈ લે." અચાનક ખોલેલા પાના પર પહેલું વાક્ય આ હતું. તેને નવાઈ લાગી. આટલા સરસ ઘરમાં પણ આવું બનતું હશે? તેને પોતાની દીકરી યાદ આવી. માત્ર એક વરસ પહેલાં બધું જ બરાબર હતું. સારો પગાર. સુખી જીવન. લોન લઈને મોટું ઘર પણ લીધું અને મોંઘી ગાડી પણ. દીકરી હજુ નાની હતી. પગાર સારો છે તો એ કૉલેજમાં આવે ત્યાં સુધીમાં તો દેવું પતિ જશે. એવું વિચારેલું. અચાનક એક દિવસ કંપની બંધ થઈ ગઈ. શરૂઆતમાં તો બચતમાંથી બધું ચાલી જતું. દરરોજ ઈન્ટરવ્યુ આપવા જતો અને કંપનીનું નામ સાંભળતા જ 'ના' આવી જતી. તે સમજાવતો કે, તમે મારી આવડત તો જુઓ. પણ સાંભળે કોણ? આજે સવારે જ એક કંપનીમાં ઈન્ટરવ્યુ હતો. વીસેક વરસની છોકરી બેઠી હતી સામે. સુંદર હતી અને ઠસ્સો પણ એવો જ. "તો તમે એક વરસથી બેકાર છો?"

"હા, મેડમ."

"તમે ઘર કેવી રીતે ચલાવો છો?"

"ઘર તો બેંકવાળા પાછું લઈ ગયા. પત્ની પિયર જતી રહી છે. દીકરીની ફી માટે..." એના ગળે ડૂમો ભરાઈ ગયો. પેલી છોકરીએ પાણી આપ્યું. "મને લાગણીશીલ માણસો નથી ગમતા. મેં તમારી સીવી જોઈ છે. પણ મને રડતા મેનેજર નહીં ગમે." ફાઈલ બંધ થઈ. તે બહાર આવી ગયો. સવારે જ પત્નીએ કહી દીધું હતું કે, જો હવે આર્થિક સહાય નહીં મળે તો દીકરીને ભણતી ઉઠાડી લેવી પડશે. એ સંજોગોમાં પછી જે કોઈ નિર્ણય લેવાય તેમાં માત્ર..." તેની આંખમાંથી આંસુ ડાયરીના પાના પર પડ્યું. અક્ષર થોડા રોળાયા. એણે ડાયરી બંધ કરી. આંખો લૂછી અને બાજુનું ડ્રોવર ખોલ્યું. સુકાઈ ગયેલી નેઈલપોલિશની બાજુમાં સુકાઈ ગયેલો મહેંદીનો કોન હતો. બાજુમાં થોડા મેડલ પડ્યા હતા. ચારેક સોનાના પણ હતા. "બે તોલા હશે? લગભગ સિત્તેર હજાર મળી જાય. ફી પણ ભરાઈ જાય અને દિવાળીની ભેટ પણ આવી જાય." તેને યાદ આવ્યું કે છેલ્લે પૈસાની ખૂબ જરૂર હતી ત્યારે તેની પત્ની બધા જ મેડલ વેચી આવી હતી. કેટલું દુઃખ થયું હતું? નાનપણથી ભેગા કરેલા બધા જ... તેણે માથું ધુણાવ્યું અને મેડલ પાછા મૂક્યા. તે હવે શું ચોરે તે સવાલ હતો. આટલી બધી જરૂરિયાત હોવા છતાં એ કોઈ એવી વસ્તુ ચોરી નહોતો શકતો જેની સાથે કોઈ યાદો જોડાયેલી હોય. જેમાં યાદો ન હોય એવી કોઈ વસ્તુ ઘરમાં મળે ખરી? બાજુનું કબાટ ખોલતાં જ કેટલાંક કાગળિયાં

જમીન પર સરી પડ્યા. તેણે ભેગા કર્યા અને પાછા એની જગ્યાએ ગોઠવી દીધા. નીચેના ખાનામાં મોટી ઢીંગલી હતી. સોનેરી વાળ. સફેદ ઝુલવાળું ગાઉન, પાતળી કમર, પોતાની દીકરી જેવી જ. બાજુમાં પડેલા કાંસકાથી એણે ઢીંગલીના વાળ ઓળ્યા. જાતજાતના ફ્રોક એવી રીતે ગોઠવાયા હતા જાણે કાલે જ ન ગોઠવ્યા હોય?

"ઘર તો બેંકવાળા પાછું લઇ ગયા. પત્ની પિયર જતી રહી છે. દીકરીની ફી માટે..." એના ગળે ડૂમો ભરાઇ ગયો. પેલી છોકરીએ પાણી આપ્યું. "મને લાગણીશીલ માણસો નથી ગમતા. મેં તમારી સીવી જોઇ છે. પણ મને રડતા મેનેજર નહીં ગમે."

એણે ફરી ડ્રોવર ખોલ્યું. પેલી ડાયરી કાઢી. મીણબત્તી હવે પૂરી થવામાં હતી. એ બારીની નજીક સરક્યો. કાચમાંથી બહારની લાઈટનો પ્રકાશ આવતો હતો. વાંકાચૂકા અક્ષર હતા. ક્યાંક ચિત્રો પણ હતા. "પેલું પાનું ક્યાં હશે? પછી એના મા બાપ છુટા પડ્યા હશે?" એ પાનાં ફેરવતો હતો અને અંધારામાં દરવાજામાં એક આકૃતિ દેખાઈ. હાથમાંથી ડાયરી છુટી ગઈ. 'કોણ? કોણ' મોઢામાંથી રાડ ફાટી ગઈ. 'બૂમો ન પાડશો. આસપાસના લોકો જાગી જશે? આ ઘર મારું છે?' સામેથી મધુર અવાજ આવ્યો.' હાથ પગ પાણીપાણી થઈ રહ્યા હતા. તો પણ એણે હિંમત કરી. 'તમે ભૂત છો?' સામેથી એક અટ્ટહાસ્ય ફેલાયું. તે જરાક દીવાલ ભણી સરક્યો. પેલી આકૃતિ નજીક આવી. કોઈ સ્ત્રી હતી. લાલ ગાઉનમાં તેનો ગૌર વર્ણ નીખરતો હતો. 'હું મોડે સુધી એક કાર્યક્રમમાં હતી. બહાર નીકળીને મોબાઈલમાં જોયું તો ઘરમાં મીણબત્તી સળગે છે તેવું સીસીટીવીમાં દેખાયું. આવો લાગણીશીલ ચોર મેં પહેલી વખત જોયો. આ ઘરમાં કોઈ જ રહેતું નથી. માત્ર પંદર દિવસે એક કલાક સફાઈ માટે ખુલેલા આ ઘરમાં છેલ્લા પંદર વરસથી બધીજ વસ્તુઓ એની એ જ જગ્યાએ છે. મારા નાનપણના ચિત્રો સરખા નહોતા ગોઠવાયા તે આજે તમે ગોઠવી દીધા. તમારી દીકરી કેટલા વરસની છે?"

" ત...ત... તમને કેવી રીતે ખબર?" તેના હાથપગ ધ્રૂજતા હતા. જો પકડાઈ ગયો તો ક્યારેય નોકરી નહીં મળે અને પછી...?" એ જરાક પાછો ખસ્યો અને પેલી સ્ત્રીએ આગળ વધીને એક સ્વીચ ચાલુ કરી. ઓરડામાં અજવાળું ફેલાઈ ગયું. એણે પર્સ ખોલીને એક કવર કાઢ્યું." લો, તમારી દીકરી માટે દિવાળીની ભેટ. મારા પિતાજી ખૂબ જ હોંશિયાર હતા. સાચા કલાકાર. પણ લાગણીશીલ હતા. મારી મા એમને બહુ પ્રેમ કરતી. પણ માત્ર લાગણીથી થોડું જ જીવાય છે? એની વે... તમે કવર ખોલી ને જોઈ લો." તે ઊંધી ફરી ગઈ. પેલા માણસે ધ્રૂજતા હાથે કવર ખોલ્યું, અને અંદરથી કાગળ નીકળ્યો. જેમ જેમ તે વાંચતો ગયો તેની આંખમાંથી આંસુ નીકળતા ગયા. "થેંક યુ મેડમ".

પેલી સ્ત્રીએ એની સામે જોયું. આજે મને સમજાયું કે લાગણીશીલ માણસથી વફાદાર કોઈ નથી હોતું. અહીં કોઈ જ નહોતું પણ તમે ચોરી ન કરી શક્યા. મારે સાચે જ એક વફાદાર માણસની જરૂર છે. આજે સવારે મેં તમને ના પડી દીધી એ મારી ભૂલ હતી. તમે કાલથી ડ્યુટી રિઝ્યુમ કરો છો. અને હા, બે મહિનાનો એડવાન્સ ચેક મળી જશે. કંપની તમને ઘર અને ગાડી આપશે. તમારી દીકરીને ભણાવવાની જવાબદારી હું લઉં છું. નીચે દરવાજો ખુલ્લો છે. પેલા કાણામાંથી જવાની જરૂર નથી. અને હા, મારો નિર્ણય બદલાય તે પહેલા અહીંથી નીકળી જાવ.' એ તરત જ સરકી ગયો. પેલું ઘર ફરી બંધ થઈ ગયું. રીપેર પણ થઈ ગયું. માત્ર એ ઘરમાં થોડી વધારે યાદો પુરાઈ ગઈ હતી.

# વિશ્વકોશ અને આઈ.ડી.પી.એ. સંસ્થાના સહયોગને કારણે ઉત્તમ દસ્તાવેજી ફિલ્મો દર્શકોને જોવા મળશે



ભાર્ગવ ઠક્કર, કુમુદિની લાખિયા અને કુમારપાળ દેસાઈ

અમદાવાદના વિશ્વકોશભવનમાં ખાતે તારીખ ૪ ડિસેમ્બરના રોજ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે ઇન્ડિયન ડોક્યુમેન્ટરી પ્રોડ્યુસર્સ એસોસિયેશન (આઈ.ડી.પી.એ.) સાથે મળીને દસ્તાવેજી ફિલ્મો દર્શાવવાની પ્રવૃત્તિનો પ્રારંભ કર્યો હતો. છેલ્લાં ૬૦ વર્ષથી મુંબઈમાં કાર્યરત એવી આ સંસ્થા સાથે ભારતભરના ૬૦૦થી વધારે ફિલ્મ નિર્માતા અને દિગ્દર્શકો જોડાયેલાં છે. આ સંસ્થાના સભ્ય અને ગુજરાત ચેપ્ટરના સંયોજક એવા ભાર્ગવ ઠક્કરના સહયોગને કારણે આઈ.ડી.પી.એ. અને વિશ્વકોશનો સમન્વય સર્જાયો હતો. આ સંદર્ભમાં વિશ્વકોશભવનમાં ૨૫થી વધારે નાટકોનું દિગ્દર્શન અને નિર્માણ કરનાર ભાર્ગવ ઠક્કરે પદ્મભૂષણ શ્રીમતી કુમુદિની લાખિયાની કલાયાત્રા પર તૈયાર કરેલી ફિલ્મ વિશ્વકોશભવનમાં દર્શાવવામાં આવી હતી. ૯૦ વર્ષની વય ધરાવતા કુમુદિનીબહેનના જીવન અને કાર્ય પર બનેલી આ સૌ પ્રથમ ફિલ્મ છે. જેમાં કુમુદિનીબહેનના જીવનનાં મહત્વનાં પાસાંઓ આવરી લેવાયાં છે. વળી આ સમયે શ્રીમતી કુમુદિનીબહેન લાખિયા પણ ઉપસ્થિત રહ્યાં હતા. એ પછી શાસ્ત્રીય સંગીતની ગાયિકા પદ્મભૂષણ બેગમ પરવીન સુલતાના વિશે 'ધ ક્વિન ઑફ મેલોડી' નામની હિન્દી અને અંગ્રેજીમાં લખાયેલી ફિલ્મ્સ ડિવિઝન ઓફ ઇન્ડિયા નિર્માણ પામેલી દસ્તાવેજી ફિલ્મ પણ પ્રસ્તુત કરવામાં આવી હતી. ભાર્ગવ ઠક્કરે આ બંને દસ્તાવેજી ફિલ્મ વિશે પોતાની આગવી શૈલીમાં એની વિશેષતાઓ દર્શાવી હતી. મોટી સંખ્યામાં ઉપસ્થિત શ્રોતાઓએ ગુજરાત વિશ્વકોશની આ નવી પહેલને આનંદથી વધાવી લીધી હતી.



# વિશ્વકોશમાં ડોલી ભાર્ગવ દ્વારા 'અષ્ટનાયિકા'ની વિશિષ્ટ પ્રસ્તુતિ



નાયિકાના ભાવ અને સંદર્ભો જણાવતા ડોલી ભાર્ગવ

ગુજરાત વિશ્વકોશ ભવન ખાતે તારીખ ૭ ડિસેમ્બરના રોજ ડોલી ભાર્ગવે 'અષ્ટનાયિકા' નામનો એક વિશિષ્ટ પ્રકારનો નૃત્યપ્રયોગ પ્રસ્તુત કર્યો હતો. સાહિત્ય રસિકો અને રંગમંચના ચાહકોને માટે તેમજ નૃત્યકલામાં 'અષ્ટનાયિકા'નો વિષય ખૂબ જાણીતો છે અને રંગમંચ પર અનેક કલાકારોએ પોતાની આગવી રીતે આનો પ્રયોગ કર્યો છે.

સામાન્ય રીતે મહાકવિ જયદેવના 'ગીત ગોવિંદ'ની અષ્ટપદીઓનો ઉપયોગ મંચન માટે થતો હોય છે, પરંતુ આ કાર્યક્રમની વિશેષતા એ રહી કે ગુજરાતી ભાષાના કવિઓની કૃતિઓને સંગીતબદ્ધ કરી અને 'ભરતનાટ્યમ્' નૃત્યશૈલીમાં પ્રસ્તુત કરવામાં આવી. આદ્યકવિ શ્રી નરસિંહ મહેતાની કવિતાઓ સાથે સાથે અર્વાચીન કવિઓની કૃતિઓનો સમાવેશ કરવામાં આવેલ હતો. એને પરિણામે આ પ્રસ્તુતિમાં ગુજરાતી કવિતાના રંગનું ઉમેરણ કરવામાં આવ્યું હતું.



આ વિડિયો પ્રસ્તુતિની અવધિ એક કલાકની રહી, જેની પરિકલ્પના અને નૃત્યગૂંથણી શ્રીમતી ડોલી ભાર્ગવે કરી હતી —સંગીત ઈમુભાઈ દેસાઈનું હતું અને સ્વર બંસરી ભટ્ટનો હતો. ઉલ્લેખનીય છે કે પ્રત્યેક નાયિકા વિશેની છણાવટ શ્રીમતી ડોલી ભાર્ગવે ઉત્તમ રીતે રજૂ કરી હતી. એનો ભાવ અને એની પાછળના સંદર્ભો પ્રગટ કર્યા હતા. અમદાવાદના રસિકજનોએ આ પ્રસ્તુતિને ભરપૂર માણી હતી.

# વિશ્વકોશમાં હસમુખ બારાડીને અંજલિ તથા ગ્રંથવિમોચન અને નાટ્યપ્રસ્તુતિ



ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિના સંવર્ધન માટે કાર્યરત અને ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરવા માટે પ્રયત્નશીલ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સ્થાપના દિનને 'વિશ્વસંસ્કૃતિપર્વ' તરીકે ઉજવવામાં આવે છે જેમાં સંગીત, સાહિત્ય, નાટક તથા ફિલ્મ વિષયક વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. જે અંતર્ગત તારીખ ત્રીજી ડિસેમ્બરે હસમુખ બારાડી સંપાદિત પુસ્તક 'નાટ્યશાસ્ત્ર'નું વિમોચન અને તેમના જાણીતા દ્વિઅંકી નાટક 'આખું આયખું ફરીથી'ની પ્રસ્તુતી કરવામાં આવી હતી. કાર્યક્રમના પ્રારંભે ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું કે, 'નાટ્યકાર, દિગ્દર્શક અને નાટ્યવિવેચક હસમુખભાઈ બારાડીએ પ્રારંભથી જ ગુજરાત વિશ્વકોશની નાટક અને મીડિયા સમિતિના સભ્ય તરીકે કામ કર્યું હતું. ગુજરાતને પોતાનું નટઘર હોય એ શમણું સાકાર કરવા માટે એમણે અથાગ પ્રયત્નો કર્યાં.' ત્યાર બાદ મહેશ ચંપકલાલે નથુરામ સુંદરજી શુક્લ લિખિત ભરતમુનિ પ્રણીત 'નાટ્યશાસ્ત્ર'ના હસમુખ બારાડીએ કરેલાં સંપાદનના પુસ્તકનું વિમોચન કરતા જણાવ્યું હતું કે, 'દરેક રંગકર્મીને માટે અત્યંત ઉપયોગી એવા આ પુસ્તકનું હસમુખ બારાડીએ પુનર્મુદ્રણ કર્યું હતું. 'હાથ અડકે અને કાગળ બટકે' એવી સ્થિતિમાં રહેલા આ અદ્વિતીય અને અપૂર્વ 'નાટ્યશાસ્ત્ર' ગ્રંથને આપણી સાંસ્કૃતિક ધરોહરની મહત્વની કડી હોવાથી પ્રગટ કર્યો હતો.

હસમુખ બારાડી લિખિત અને જનક રાવળ, નૈષધ પુરાણી દિગ્દર્શિત 'આખું આયખું ફરીથી' એ નાટકની પ્રસ્તુતિ કરવામાં આવી, જેમાં રૂચિ નાયક, રાધિકા બારોટ અને હર્ષ ધારૈયા જેવા કલાકારોએ ભાગ લીધો તથા માલવ દિવેટિયા અને હર્ષ ભટ્ટે એનું સંગીત નિયોજન સંભાળ્યું હતું. આ નાટકની વિશેષતા એ છે કે નટ-નટી અને દિગ્દર્શિકા પોતપોતાનો પાઠ ભજવતા ભજવતા નાટ્યપ્રતને અતિક્રમી જઈ નાટકના વસ્તુને સમાંતર ચાલતા પોતાના ભાવ સંવેદનોમાં અટવાઈ જાય છે. ત્રણ કલાકારો ચાર પાત્રોને રજૂ કરીને બહુપરિમાણી ધોરણે સમગ્ર વસ્તુનું વિશ્લેષણ થતું જાય એવો કસબ આમાં નાટ્યકારે વાપર્યો હતો.

# 'આરાધના વિન્ટર ફેસ્ટિવલ'માં વિવિધ રાગોની કર્ણપ્રિય પ્રસ્તુતિ કરાઈ




ડૉ. મોનિકા શાહ દ્વારા વિવિધ રાગોની પ્રસ્તુતિ કરાઈ

અમદાવાદની જાણીતી સંગીત તાલીમ સંસ્થા 'આરાધના સંગીત એકેડમી' દ્વારા તારીખ ૨૩ ડિસેમ્બરના રોજ 'આરાધના વિન્ટર ફેસ્ટિવલ'નું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદના વિશ્વકોશ ખાતે યોજાયેલ આ કાર્યક્રમની શરૂઆત સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા સરસ્વતી વંદનાથી થઈ. પ્રથમ સેશનમાં આરાધના સંગીત એકેડમીના ડિરેક્ટર અને જાણીતા શાસ્ત્રીય ગાયિકા ડૉ. મોનિકા શાહ દ્વારા રાગ પુરિયા કલ્યાણ ઉપરાંત પદ્મવિભૂષણ ગિરિજાદેવીની ઠુમરી રાગ માજ ખમાજમાં રજૂ કરી હતી. જાજ્વલ્ય શુક્લએ તબલાં પર અને શિશિર ભટ્ટે હાર્મોનિયમ પર વાદ્ય સંગત કરી હતી.

કાર્યક્રમના બીજા સેશનમાં મુંબઈ સ્થિત વિવેક સોનાર દ્વારા ફ્લ્યુટ પર રાગ બાગેશ્રી, રાગ દુર્ગા તથા રાગ પહાડીની કર્ણપ્રિય પ્રસ્તુતિ કરવામાં આવી હતી. તેમની સંગત અનુતોષ દેઘરીયાએ કરી હતી. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે પદ્મશ્રી કુમારપાળ દેસાઈ, દીપ્તિબહેન શાહ ઉપરાંત સંગીતપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## 'Desert Drums' – સફેદ રણમાં ભવ્ય કાર્યક્રમ





૨૦૦૫માં હાલના આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની પરિકલ્પનાથી 'રણોત્સવ'ની શરૂઆત થઈ. તે વખતે ત્રણ દિવસ સુધી આ ઉત્સવ ઉજવાયો. આ ઉત્સવને મળેલ અભૂતપૂર્વ આવકારને ખ્યાલમાં રાખી હવે બે મહિના સુધી આ રણોત્સવનું આયોજન કરવામાં આવે છે. કચ્છના આ સૌથી લાંબા ઉત્સવની ઉજવણી સંગીત, નૃત્ય અને લોકકલાના વિવિધ કાર્યક્રમોની પ્રસ્તુતિ દ્વારા કરવામાં આવે છે. ગુજરાત રાજ્યના પ્રવાસન વિભાગ દ્વારા શિયાળાના દિવસો દરમિયાન ઊજવાતા આ રણોત્સવના ઉદ્‌ઘાટન પ્રસંગે આપણા ઉપરાષ્ટ્રપતિ શ્રી વૈંકૈયા નાયડુ તેમજ આપણા મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીની વિશેષ ઉપસ્થિતિમાં ગુજરાત, કચ્છ અને કચ્છના સફેદ રણની ભવ્યતા વર્ણવતું ગીત શ્યામલ-સૌમિલ તથા વૃંદ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યું. શ્યામલ મુનશી દ્વારા રચાયેલું આ ગીત આરતી મુનશી, શ્યામલ-સૌમિલ અને હસમુખ પાટડિયા દ્વારા રજૂ થયું અને ધ્રુવીશ શાહ, અંકિત ક્રિસ્ટી, અર્ચિત પાટડિયા, કૃતિ શાહ, હિમાની વ્યાસ અને શેતલ ભટ્ટનો સુરીલો સાથ મળ્યો. ઉપરાષ્ટ્રપતિશ્રીએ પોતાના ઉદબોધનમાં ગીતની શબ્દરચના અને ગીતની પ્રસ્તુતિનો પ્રોત્સાહક ઉલ્લેખ પણ કર્યો.

તારીખ ૨૫મી ડિસેમ્બરના રોજ 'Desert Drums' નામે એક નવતર કાર્યક્રમ પ્રસ્તુત કરવાનો પણ લ્હાવો પ્રાપ્ત થયો. સફેદ રણની ભવ્યતાને એક અલગ પરિમાણ થકી આલેખવાનો પ્રયાસ આ કાર્યક્રમ દ્વારા કરવામાં આવ્યો. દિવસના પ્રત્યેક ભાગમાં બદલાતા રણના વાતાવરણ અને મૂડને સંગીત દ્વારા રજૂ કરવામાં આવ્યું. સવારનું શાંત વાતાવરણ, રાત્રિએ ચંદ્રના પ્રકાશથી ઝલમલતું સૌંદર્ય તથા રણની શુષ્કતાને એનાં જ સંગીતની ભવ્યતાથી રજૂ કરતાં આ કાર્યક્રમની પરિકલ્પના શ્યામલ-સૌમિલ દ્વારા કરવામાં આવી

અને જાણીતા અને પ્રતિભાસંપન્ન ગાયક-સ્વરકાર આલાપ દેસાઈએ આ કાર્યક્રમનું સંગીત નિર્દેશન અને સંચાલન કર્યું. પરંપરાગત વાદ્યો તબલાં, પખાવજ, કચ્છી ઢોલ, ઢોલક, ફ્લ્યુટ, સારંગી, વાયોલિન તેમજ વેસ્ટર્ન ઇન્સ્ટ્રુમેન્ટ્સ કિબોર્ડ, ગિટાર, બેઝ ગિટાર સાથે આફ્રિકન-લેટિન પ્રકાશન્સના ફ્યુઝનથી અલગ-અલગ મ્યુઝીકલ સેગ્મેન્ટસ Colors in White, Tune & Dunes, Kaafila, Raagistan અને Train of Camelsની રજૂઆત કરવામાં આવી.



અંતમાં લોકસંગીત તેમજ સરહદની સુરક્ષાને સમર્પિત એક ધૂન રજૂ કરાઈ. કાર્યક્રમનું સમાપન લોકગીતો અને ગરબાથી કરવામાં આવ્યું જેમાં શ્રોતાઓએ જોડાયાં.

આ રજૂઆત માટે મુંબઈથી અતુલ રાણીંગા (કીબોર્ડ), સંદીપ મિશ્રા (સારંગી), ગૌતમ શર્મા (ડ્રમ્સ), આકાશ સતીષકુમાર (ફ્લ્યુટ), ઈશાન ઘોષ (તબલાં), ગણેશ સાવંત (પખાવજ), શશીકાંત શર્મા (ઢોલક) અને માનસકુમાર (વાયોલિન) તથા અમદાવાદથી રિશીન સરૈયા (ઢોલ તથા અન્ય), જીગ્નેશ શેઠ (લીડ ગિટાર), મહેશ પરમાર (બેઝ ગિટાર)નો સાથ સાંપડ્યો. માનનીય મંત્રીશ્રી જવાહર ચાવડા, શ્રી વાસણભાઈ આહિર, સચિવ શ્રીમતી મમતા વર્મા (IAS), મેનેજીંગ ડિરેક્ટર શ્રી જેનુ દેવન(IAS)ના સાથ અને સહકારથી 'Desert Drums' કાર્યક્રમનો આ પહેલો કાર્યક્રમ શક્ય બન્યો હતો. ટુરિઝમ મેનેજર શ્રી નીરવ મુનશી તથા રણોત્સવ સાથે સંકળાયેલ પ્રવાસન વિભાગના સૌ સ્ટાફ મેમ્બર્સ અને ઇવેન્ટ સાથે સંકળાયેલ સૌ કોઈનો સહકાર પ્રાપ્ત થયો હતો. દર્શીલ સરૈયા, દિપક ગરનારાએ ધ્વનિ વ્યવસ્થા સંભાળી હતી.



### રણોત્સવના ઉદ્‌ઘાટન પ્રસંગે રણની ભવ્યતા વર્ણવતું ગીત

भारतकी दाहिनी कलाई पर, शोभित आभूषणको देखो
गुजरात को देखो, कच्छ को देखो, कच्छ के सफेद रणको देखो

अंतहीन शतरंजी जैसा फैला है नमकीन यहां
लोक संस्कृति, लोक कलासे दिखता जो रंगीन यहां
एक नजरमें भिन्नभिन्न रंगोंके संमिश्रणको देखो
गुजरात को देखो, कच्छ को देखो, कच्छ के सफेद रणको देखो

सर्दी के मौसम में रणका अनुपम उत्सव होता है, हो
कुदरत और कलाकौशलका अलग अनुभव होता है, हो
हर रोमांचक क्षणको देखो, चिरस्थाई स्मरण को देखो
गुजरात को देखो, कच्छ को देखो, कच्छ के सफेद रणको देखो

सूर्योदय सूर्यास्त समय के खूबसूरत नज़ारे है
घनी रात के नभ आंचलमे झिलमिलाते सितारे है
पूनमका लावण्य और चमकीले श्वेत लवण को देखो
गुजरात को देखो, कच्छ को देखो, कच्छ के सफेद रणको देखो

धोलावीरा, सागर तट, अभयारण्य, काला डुंगर
धर्मस्थान, स्मारक, महेल सब आज भी लगते हैं सुंदर
सीमा पर जा कर भारत के सक्षम संरक्षण को देखो
गुजरात को देखो, कच्छ को देखो, कच्छ के सफेद रणको देखो

– श्यामल मुनशी

# GLFમાં સાહિત્યનો ત્રિવેણી સંગમ યોજાયો






ગુજરાતમાં લોકપ્રિય એવો સાહિત્ય મેળાવડો ગુજરાત લીટરેચર ફેસ્ટીવલની આઠમી આવૃત્તિનું આયોજન તારીખ ૧૮થી ૨૨ ડિસેમ્બર દરમિયાન ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે કરવામાં આવ્યું હતું. જીએલએફ આ અગાઉ અમદાવાદમાં પાંચ વખત અને વડોદરામાં બે વખત યોજાઈ ચૂક્યા છે. આ ફેસ્ટીવલને લોકોએ દરેક વર્ષે વધાવી લીધો છે. દર વર્ષે યોજાતા GLFમાં ગુજરાતી સાહિત્ય મહોત્સવ, ફાઉન્ટેનહેડ અને ટાબરિયાં ઉપરાંત ત્રણ નવા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ઇન્ડિયન સ્ક્રિન રાઇટર્સ, વિવિધ વર્કશોપ, પરિસંવાદ, પુસ્તક પરિચય-Book Talk, સાહિત્ય સરવાણીની રજૂઆત કરવામાં આવી હતી.







'ફાઉન્ટેનહેડ' અંતર્ગત અંગ્રેજી અને હિંદીના શ્રેષ્ઠ સાહિત્ય અને સર્જકો સાથે સંવાદ કરવામાં આવ્યો હતો. 'ટાબરિયાં'માં ખાસ બાળકો માટેના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્યામ પારેખ (ફેસ્ટિવલ ડિરેક્ટર), જુમાના શાહ (પ્રોગ્રામિંગ ડિરેક્ટર), સમકિત શાહ (ફેસ્ટિવલ પ્રોડ્યુસર) અને GLFમાં જોડાયેલા દરેક સ્વયંસેવકોનો પ્રયત્ન સફળ રહ્યો હતો.




લોકોએ અમદાવાદમાં યોજાયેલા ૮મા GLFને વધાવી લીધો હતો. વર્ષોવર્ષ આવા સાહિત્ય અને જ્ઞાનવર્ધક વિષયો સાથે GLF યોજાતો રહે અને ગુજરાતીઓ સાહિત્યથી સભર થતા રહે તેવો પ્રયાસ સફળ રહ્યો હતો.



# 'કાંકરિયા કાર્નિવલ'માં સાંસ્કૃતિક અને રંગારંગ કાર્યક્રમો યોજાયા





અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા છેલ્લા ઘણાં વર્ષોથી ડિસેમ્બર મહિનાની ૨૫ થી ૩૧ દરમિયાન 'કાંકરિયા કાર્નિવલ'નાં રંગારંગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષના ૧૨માં કાંકરિયા કાર્નિવલમાં અમદાવાદની ઉત્સવપ્રેમી પ્રજાએ ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમો માણ્યા હતા. આ વખતના કાંકરિયા કાર્નિવલની ઉજવણી સ્વચ્છ અમદાવાદ મિશન અને ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિને કેન્દ્રમાં રાખી કરવામાં આવી હતી. જેમાં, ગુજરાતના જાણીતા કલાકારો ગીતા રબારી, જીગરદાન ગઢવી, વિશ્વનાથ બાટુંગે, પાયલ વૈદ્ય, કિર્તીદાન ગઢવી, ઓસમાણ મીર અને સાંઈરામ દવે ઉપરાંત ઘણાં કલાકારોએ પોતાની પ્રસ્તુતિ વડે લોકોને મનોરંજન પીરસ્યું હતું.



રૉક બેન્ડ, ગીત ગૂંજન, સૂફી ગઝલ/સંગીત, લેસર બીમ શો, હોર્સ શો, ડોગ શો, ડ્રામા પરફોર્મન્સ, ડિઝની કેરેક્ટર્સ હાસ્ય દરબાર, સાંસ્કૃતિક કાર્યક્રમો, લોકનૃત્યો, તબલાં પ્રસ્તુતિ, માઉથ ઓર્ગન પરફોર્મન્સ, પપેટ શો, લોકભવાઈ અને યોગ એ કાંકરિયા કાર્નિવલના આગવા આકર્ષણ રહ્યા હતા. કાંકરિયા કાર્નિવલની દર વર્ષે આશરે ૨૫ લાખથી વધુ સહેલાણીઓ મુલાકાત લે છે.

'કાંકરિયા કાર્નિવલ-૨૦૧૯'ના પ્રારંભ પ્રસંગે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, 'સતત ૧૧ વર્ષથી કાંકરિયા કાર્નિવલના સફળ આયોજન અને અમદાવાદના નગરજનોની સુખાકારી માટે હરહંમેશ કટિબદ્ધ રહેતા અધિકારીઓ અને કર્મચારીઓ અભિનંદનને પાત્ર છે.' મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિત નગરજનોને નાતાલ તહેવારની શુભેચ્છાઓ સાથે કાંકરિયા કાર્નિવલની સફળતા માટે પણ શુભેચ્છા પાઠવી હતી. અમદાવાદ શહેરના મેયર શ્રીમતી બિજલબેન પટેલે કહ્યું કે, અમદાવાદ શહેર છેલ્લાં ૬૦૦ વર્ષથી વણથંભ્યુ રહ્યું છે. અમદાવાદ હેરિટેજ સિટીની ઓળખ કાયમ રાખીને સ્માર્ટ સિટી તરફ ઝડપભેર આગળ વધી રહ્યું છે ત્યારે અમદાવાદ મહાનગરપાલિકા શહેરની આ વિકાસયાત્રાને આગળ ધપાવવા પ્રતિબદ્ધ છે.'

કાંકરિયા કાર્નિવલમાં ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ, સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, ધારાસભ્યશ્રીઓ, મહાનગરપાલિકા કમિશનર શ્રી વિજય નહેરા, શહેર પોલીસ કમિશનર શ્રી આશિષ ભાટિયા અને અમદાવાદના નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.





## જન્મદિવસ શુભ હો... શુભદાયી...

૧ ફેબ્રુઆરી: **અરુણ રાજ્યગુરૂ** (ગાયક, અમદાવાદ)

૩ ફેબ્રુઆરી: **સ્તુતિ દવે** (ચિત્રકાર, ભાવનગર)

૩ ફેબ્રુઆરી: **ચંદ્રકાંત શેઠ 'નંદ સામવેદી'** (લેખક, કવિ, અમદાવાદ)

૩ ફેબ્રુઆરી: **રીતેશ ઉપાધ્યાય** (વાદક કલાકાર-ઢોલક, અમદાવાદ)

૩ ફેબ્રુઆરી: **ઉસ્તાદ અહેમદ હુસેન** (ગઝલ ગાયક, જયપુર)

૪ ફેબ્રુઆરી: **પંડિત બીરજુ મહારાજ** (નૃત્યગુરૂ કથ્થક, દિલ્હી)

૪ ફેબ્રુઆરી: **ઉર્વીશ કોઠારી** (લેખક, પત્રકાર, મહેમદાવાદ)

૪ ફેબ્રુઆરી: **લેની કીસ્કુ** (વાદક કલાકાર-ગિટાર, અમદાવાદ)

૬ ફેબ્રુઆરી: **રવીન્દ્ર સાઠે** (ગાયક, મુંબઈ)

૭ ફેબ્રુઆરી: **સાંઈરામ દવે** (હાસ્યકલાકાર, લોકગાયક, ગોંડલ)

૮ ફેબ્રુઆરી: **અમન લેખડિયા** (ગાયક, સુરત)

૧૧ ફેબ્રુઆરી: **પંકજ પાઠક** (ગાયક, વાદક કલાકાર-કી-બોર્ડ, અમદાવાદ)

૧૧ ફેબ્રુઆરી: **લુઈસ બેંક્સ** (વાદક કલાકાર-કી-બોર્ડ, મુંબઈ)

૧૨ ફેબ્રુઆરી: **સુધા ભટ્ટ 'અમીશ્રી'** (લેખિકા, અમદાવાદ)

૧૨ ફેબ્રુઆરી: **હસુ યાજ્ઞિક** (લેખક, અમદાવાદ)

૧૩ ફેબ્રુઆરી: **મોહમ્મદ માંકડ** (લેખક, ગાંધીનગર)

૧૪ ફેબ્રુઆરી: **ઈશાની દવે** (કથ્થક નૃત્યકાર, ભાવનગર)

૧૪ ફેબ્રુઆરી: **અમોલ કેતકર** (વાદક કલાકાર-ગિટાર, અમદાવાદ)

૧૪ ફેબ્રુઆરી: **અરવિંદ રાઠોડ** (અભિનેતા, મુંબઈ)

૧૫ ફેબ્રુઆરી: **હરીશ ભીમાણી** (ઉદ્‌ઘોષક, મુંબઈ)



## સુખદાયી... ચિર આયુ પામો

૧૫ ફેબ્રુઆરી: **જાગૃતિ ધોળકિયા** (ગાયિકા, અમદાવાદ)

૧૬ ફેબ્રુઆરી: **શેખર સેન** (નાટ્યકલાકાર, ગાયક, મુંબઈ)

૧૮ ફેબ્રુઆરી: **પ્રદીપ ખાંડવાળા** (કવિ, સાહિત્યકાર, અમદાવાદ)

૧૮ ફેબ્રુઆરી: **ભાગ્યેશ જહા** (કવિ, ગાંધીનગર)

૧૯ ફેબ્રુઆરી: **જવાહર બક્ષી 'ફના'** (કવિ, ગઝલકાર, મુંબઈ)

૨૧ ફેબ્રુઆરી: **રક્ષા દવે** (લેખિકા, કવયિત્રી, ભાવનગર)

૨૧ ફેબ્રુઆરી: **મોનિકા શાહ** (ગાયિકા, અમદાવાદ)

૨૧ ફેબ્રુઆરી: **શરદ ખાંડેકર** (સંગીત નિર્દેશક, વાદક કલાકાર, અમદાવાદ)

૨૧ ફેબ્રુઆરી: **હિતુ કનોડિયા** (અભિનેતા, મુંબઈ)

૨૧ ફેબ્રુઆરી: **નરેશ શાહ** (નિર્માતા, આયોજક, અમદાવાદ)

૨૨ ફેબ્રુઆરી: **નયન દેસાઈ** (કવિ, સુરત)

૨૩ ફેબ્રુઆરી: **શૈલેશ ઠાકર** (વાદક કલાકાર-કિ-બોર્ડ, અમદાવાદ)

૨૪ ફેબ્રુઆરી: **વાસંતી ખાંડેકર** (ગાયિકા, અમદાવાદ)

૨૪ ફેબ્રુઆરી: **અમી પટવા** (નૃત્ય દિગ્દર્શિકા, અમદાવાદ)

૨૫ ફેબ્રુઆરી: **દિવ્યાંગ ત્રિવેદી** (વાદક કલાકાર-તબલા, મુંબઈ)

૨૬ ફેબ્રુઆરી: **અન્નપૂર્ણા શુકલ** (નાટ્યકલાકાર, અમદાવાદ)

૨૮ ફેબ્રુઆરી: **આકાંક્ષા ઓઝા** (ગાયિકા, ભાવનગર)


૨૮ ફેબ્રુઆરી: **મધુ રાવલ** (સાઉન્ડ રેકોર્ડિસ્ટ, અમદાવાદ)

૨૮ ફેબ્રુઆરી: **અનુ કપૂર** (અભિનેતા, મુંબઈ)

૨૯ ફેબ્રુઆરી: **અશોક દવે** (હાસ્ય લેખક, અમદાવાદ)

વિશ્વપ્રસિદ્ધ IGI લેબ પ્રમાણિત

ફક્ત **VVS-EF** બેસ્ટ ક્વોલિટી હીરજડિત જ્વેલરી


# પારૂમા

જ્વેલ્સ

Exclusive Diamond Jewellery

“પારૂમા હાઉસ” નેહરુ નગર સર્કલ પાસે,અમદાવાદ-૧૫.

ફોન : ૦૭૯ - ૨૬૭૫૦૫૦૮, ૭૫૭૫૮ ૫૦૫૦૮

# પાણીજન્ય રોગોનો ફેલાવો અને ઉપાયો

## રોગના ફેલાવા માટે જવાબદાર પરિબળો



હાથની આંગળીઓ



મળમૂત્ર



જંતુ અને પાલતું પ્રાણીઓ



ખુલ્લામાં મળ ત્યાગ



દૂષિત ખાદ્ય પદાર્થ



દૂષિત પાણી

**ફેલાતા રોગો :**

ઝાડા, મરડો, ઝાડા-ઊલટી, ટાઈફોઈડ, કોલેરા, પોલિઓ, કમળો

## રોગચાળાથી બચવા આટલું કરો.



સંડાસનો ઉપયોગ કરવાથી



હાથને સાબુથી સારી રીતે ધુઓ



ચોખ્ખા પાણીના સ્રોતોનો યોગ્ય ઉપયોગ કરો



સ્વચ્છ, તાજો અને ઢાંકેલા ખોરાકનો ઉપયોગ કરો.

રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય

Registered under RNI No.GUJGUJ/2011/44495. Permitted to post at Ahmedabad PSO on 14th Date of Every Month under Postal Regd. No. GAMC-1833/2018-2020 valid upto 31/12/2020. Published on dated 10th. Posted on every month.


# અમારું સંગીત, તમારા સાથમાં, તમારા સ્ક્રીન પર, તમારા હાથમાં





GET IT ON Google Play

SHYAMAL SAUMIL

the musical odyssey



Download on the App Store

## Mobile App is now Available on Android & iOS

Follow us on /shyamalsaumil